(Students' Edition)

First Book of English

અંગ્રેજી પ્રથમ પુસ્તક

G. M. Shah

First Book of English

Being an elementary treatise on the Study of English along Natural Methods

(For use in STD. I of Anglo-Gujarati Schools)

અંગ્રેજી પ્રથમ પુસ્તક

(અંગ્રેજી પ્રથમ ધોરણ માટે)

---

by

G. M. Shah.

Lately Head Master,

S. Y. J. Gurukul School, PALITANA.

Students' Edition.
Price : 4 Annas.

First Edition.
May, 1930.

Published by Chhotalal N. Shah, at Vavdivala Bldg., Chakla St., Bombay, 3.

The first 4 pages & title printed by Gajanan Vishvanath Pathak, at Aditya Mudranalaya, Raikhad, Ahmedabad, and the last 60 pages printed by Nanalal Dharamshi, at the Krishna Press, Bhavnagar.

અનુક્રમણિકા

પાઠ ૧.
મૂળાક્ષર

અક્ષરનાં નામ	રોમન લિપિ ૧લી	રોમન લિપિ ૨જી	ઇટાલીક લિપિ ૩જી	ઇટાલીક લિપિ ૪થી	ઉચ્ચાર
એ	A	a	*A*	*a*	– –
બી	B	b	*B*	*b*	બ
સી	C	c	*C*	*c*	ક, સ
ડી	D	d	*D*	*d*	ડ
ઈ	E	e	*E*	*e*	– –
ઍફ	F	f	*F*	*f*	ફ
જી	G	g	*G*	*g*	ગ, જ
ઍચ	H	h	*H*	*h*	હ
આઈ	I	i	*I*	*i*	– –
જે	J	j	*J*	*j*	જ
કે	K	k	*K*	*k*	ક
ઍલ	L	l	*L*	*l*	લ
ઍમ	M	m	*M*	*m*	મ
ઍન	N	n	*N*	*n*	ન
ઓ	O	o	*O*	*o*	– –
પી	P	p	*P*	*p*	પ
ક્યુ	Q	q	*Q*	*q*	ક
આર	R	r	*R*	*r*	ર
ઍસ	S	s	*S*	*s*	સ, ઝ
ટી	T	t	*T*	*t*	ટ
યુ	U	u	*U*	*u*	– –
વી	V	v	*V*	*v*	વ
ડબલ્યુ	W	w	*W*	*w*	ઉવ, – –
ઍક્ષ	X	x	*X*	*x*	ક્ષ
વાઈ	Y	y	*Y*	*y*	ય, – –
ઝેડ	Z	z	*Z*	*z*	ઝ

૧. c નો ઉચ્ચાર a, o કે u ની પહેલાં "ક" અને e, i કે y ની પહેલાં "સ" થાય છે.

૨. થોડા અપવાદ સિવાય સામાન્ય રીતે g નો ઉચ્ચાર a, o કે u ની પહેલાં "ગ" અને e, i કે y ની પહેલાં "જ" થાય છે.

૩. q ની પછી કાયમ u આવે છે અને qu નો ઉચ્ચાર "ક્વ" કરવામાં આવે છે.

૪. w નો ઉચ્ચાર "ઉવ" છે, તેમાં "ઉ" નો ઉચ્ચાર નહિ જેવોજ કરવામાં આવે છે.

મૂળાક્ષર વિષે સામાન્ય માહિતી

અંગ્રેજી ભાષામાં લિપિ ચાર છે. તેમાંથી પહેલી અને બીજી લિપિ છાપેલા લખાણમાં વપરાય છે, અને ત્રીજી તથા ચોથી લિપિ હાથે લખવામાં વપરાય છે. છાપેલા લખાણમાં કોઇ કોઇ વાર અમુક શબ્દો ઉપર ભાર મુકવો હોય તો તેને ત્રીજી તથા ચોથી લિપિમાં મુકવામાં આવે છે.

પહેલી તથા ત્રીજી લિપિના અક્ષરો **કેપીટલ** અથવા **મોટા** કહેવાય છે, અને બીજી તથા ચોથી લિપિના અક્ષરો **સ્મૉલ** અથવા **નાના** કહેવાય છે.

અંગ્રેજી ભાષામાં કુલ ૨૬ અક્ષર છે. તેમાં **a, e, i, o, u,** એ ૫ સ્વર છે, અને બાકીના ૨૧ વ્યંજન છે. **w** અને **y** શબ્દની વચમાં અથવા છેડે આવે, ત્યારે તેના ઉચ્ચાર ઘણીવાર સ્વર જેવા થાય છે.

અંગ્રેજી ભાષામાં કોઇ સ્વરના ચોક્કસ ઉચ્ચાર નથી. જુદા જુદા શબ્દોમાં સ્વરના જુદા જુદા ઉચ્ચાર કરવામાં આવે છે, તેથી તે અહિં આપ્યા નથી. સ્વરના સામાન્ય ઉચ્ચાર શિક્ષક પાસેથી જાણી લેવા.

અંગ્રેજીમાં કેટલાક જોડાક્ષર છે. તેના ઉચ્ચાર નીચે આપવામાં આવ્યા છે.

ch ચ, ક, **ck** ક, **gh** ઘ, ફ, **ph** ફ,
sh શ, **th** થ, ધ, **wh** વ્હ, **qu** ક્વ.

પાઠ ૨.

અંગ્રેજી જોડણી (spelling) લખવાની સામાન્ય રીત

બાલુ = બ્+આ લ્+ઉ = Balu.
મોહન = મ+ઓ હ્+અ ન્ = Mohan.
કૃષ્ણ = ક્+ઋ ષ્+ણ્+અ = Krishna.
અરવિંદ = અ ર્ વ્+ઇ ન્ દ્ = Arvind.

ગુજરાતી ભાષામાં વ્યંજન તથા સ્વરના દરેક ઉચ્ચાર માટે જુદા જુદા અક્ષર હોવાથી શબ્દોની જોડણી કરવાના નિયમો ઘણા સ્હેલા છે, પણ અંગ્રેજી ભાષામાં ફક્ત ૫ સ્વર અને ૧૮ વ્યંજન* દ્વારા દરેક ઉચ્ચાર દર્શાવવાના હોવાથી જોડણીના નિયમો બહુ ખામી ભરેલા છે. આથી જો કે જોડણીના અમુક નિયમો છે, છતાં ઘણાખરા શબ્દોની જોડણી ગોખવીજ પડે છે.†

---

* Out of 21 consonants, the sound of *c*, *q* and *x* resembles *k* or *s*, *k* and *ks* respectively; so there are 18 consonant sounds in all.

† The chief difficulty in writing English lies in the fact that it is not *phonetic* (સ્વરસૂચક) like Gujarati or Sanskrit. There are only 5 vowels and 2 semi-vowels. A single vowel has many different sounds, and a single sound is represented in various ways. The help of a teacher or a dictionary is therefore necessary in knowing the pronunciation of words. The teacher might explain this later by giving such examples as *but, put, busy; go, goes, do, does; no, know, now; knows, nose; woman, women* etc. The inconsistency is most marked in the following group: *though, thought, tough, through, thorough, trough.*

ગુજરાતી ભાષામાં વ્યંજન પછી સ્વર આવે તો તેમાં ભેળવી દેવામાં આવે છે, જેમકે ક્+અ=ક, ક્+આ=કા, ચ્+ઇ=ચિ, ચ+ઈ=ચી, ર્+ઉ=રુ, ર્+ઊ=રૂ, પ્+એ=પે, પ્+ઐ=પૈ, સ્+ઓ=સો, સ્+ઔ=સૌ.

પરંતુ અંગ્રેજીમાં દરેક અક્ષર જુદાજ રહે છે. **જેમકે 'બાલુ'** એ શબ્દમાં ગુજરાતીમાં આપણે બે અક્ષર ગણીએ છીએ, પણ ખરી રીતે ચાર અક્ષર છે – **બ્+આ લ્+ઉ** – ત્યારે તેને અંગ્રેજીમાં લખવું હોય તો **Balu** એ પ્રમાણે ચાર અક્ષર લખાય. નીચેના દાખલાથી તે વધારે સમજી શકાશે.

વિનુ = વ્+ઇ ન્+ઉ = Vinu	**મેના = મ્+એ ન્+આ=Mena**
મણિ = મ્+અ ણ્+ઇ = Mani	**કનુ = ક્+અ ન્+ઉ = Kanu**

અંગ્રેજી શબ્દોના સ્પેલીંગ ગોખવાના હોય છે, પણ ગુજરાતી ભાષાના શબ્દો અંગ્રેજીમાં લખવાના હોય, ત્યારે સ્પેલીંગ સામાન્ય રીતે ઉપર પ્રમાણે કરાય **છે.** દરેક ગુજરાતી અક્ષરને બદલે અંગ્રેજી કયો અક્ષર વાપરવો, તે નીચે આપેલ છે.

સ્વર*

અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	એ
a	a	i	i કે ee	u	u કે oo	ri	e

ઍ	ઐ	ઓ	ઑ	ઔ
a	ai	o	aw	au

* "એ" અને "ઓ"ના બે ઉચ્ચાર છે–સાંકડો તથા પહોળો. જેમકે ઘેર=ઘેરાવો, ઘૅર=ઘરે; મેલો=મુકો, મૅલો=ગંદો; મોર=પક્ષીનું નામ, મૉર=આંબાના ફૂલ; ગોળ=વર્તુલાકાર, ગૉળ=ખાવાની ચીજ; ખોડો=લંગડો, ખૉડો=માથાનો મેલ. સાંકડો ઉચ્ચાર હોય ત્યારે "એ" અથવા "ઓ" લખવું, અને પહોળો ઉચ્ચાર હોય ત્યારે "ઍ" અથવા "ઑ" લખવું. (સરખાવો: બેટો, બૅટો; શેરો, શૅરો; સોય, સૉય; વેરી, વૅરી; ચોપડી, ચૉપડી વગેરે.)

વ્યંજન*

ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ		
k	kh	g	gh	n	ch	chh	j	z	n	t	th		
ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન	પ	ફ	બ	ભ	મ	
d	dh	n	t	th	d	dh	n	p	f	b	bh	m	
ય	ર	લ	વ	શ	ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ			
y	r	l	v	sh	sh	s	h	l	x	gn			

ં અનુસ્વાર અથવા માથે મીંડાનો ઉચ્ચાર **મ** જેવો હોય તો m અને **ન** જેવો હોય તો n. જેમકે અંબા Amba, ગોવિંદ Govind.

સૂચના:—ગુજરાતીમાં શબ્દને છેડે જોડાક્ષર ન હોય, ત્યારે શબ્દના છેલ્લા વ્યંજનનો ઉચ્ચાર ખોડા જેવો (સ્વર વિનાનો) કરવામાં આવે છે, જેમકે મોહન Mohan, દાસ Das, પટેલ Patel; પણ જોડાક્ષર હોય ત્યારે આખો (સ્વર સહિત) થાય છે, જેમકે ચંદ્ર Chandra, કૃષ્ણ Krishna.

વળી સંસ્કૃતની જેમ ગુજરાતીમાં વ્યંજનમાં સ્વર ન હોય તોપણ વ્યંજનને ખોડા કરવાનો રિવાજ નથી. જેમકે 'અરવિંદ' માં **ર** નો ઉચ્ચાર અને 'જમના' માં **મ** નો ઉચ્ચાર ખોડા જેવા છે. આવા શબ્દોના અંગ્રેજી સ્પેલીંગ કરતી વખતે ફક્ત વ્યંજન લખવા. જેમકે અરવિંદ = અ+ર+વ+િ+ન+દ = Arvind, જમના = જ+અ+મ+ન+આ = Jamna.

---

* અંગ્રેજી ભાષામાં " ખ, ઘ, ઙ, છ, ઞ, ઠ, ઢ, ણ, ત, દ. ભ, ષ, ળ " એટલા ઉચ્ચાર બોલાતાજ નથી.

નીચેનાં નામના ઉચ્ચાર કરો.

Sharda	**Sushil**	Sumantra
Babu	**Akbar**	Draupadi
Vina	Pratap	Ramakrishna
Mohan	Sarojini	Surendra
Kalidas	Abdul	Damyanti
Lalaji	Gokhle	Bipin Chandra
Rustam	Parvati	

નીચેનાં નામમાંથી અક્ષરો જુદા પાડો, અને પછી તેની અંગ્રેજી જોડણી લખો.*

રાવી	દાદાભાઈ	દવે	સુભદ્રા
મહી	તિલક	શાહ	છત્રપતિ
જમના	ગાંધી	શેઠ	શાસ્ત્રી
સુરત	પટેલ	દેસાઈ	પ્રફુલ ચંદ્ર
પાટણ	દાસ	કોઠારી	ઊર્મિલા
આણંદ	નેહરૂ	સીતા	ચૈતન્ય
બારડોલી	આઝાદ	અંબા	વિદ્યા ગૌરી
ગઢડા	કિચલુ	લક્ષ્મી	રવિન્દ્ર નાથ
ગુજરાત	નરીમાન	સરસ્વતી	જ્ઞાનસાગર
હિંદુસ્તાન	માળવીયા	ચંપાવતી	જગદીશ ચંદ્ર

---

* If found difficult, the last few may be omitted in the beginning, and other names of students, cities etc. added for further practice.

પાઠ ૩.

નામના પ્રકાર

a book	ચોપડી	water	પાણી	God	ઈશ્વર
a horse	ઘોડો	sugar	સાકર	Mohan	મોહન
an ox	બળદ	light	પ્રકાશ	Kanta	કાન્તા
an hour	કલાક	mercy	દયા	Surat	સુરત

ઉપર કેટલાંક નામ આપેલાં છે. તમે શીખી ગયા છો કે કોઇ પ્રાણી, પદાર્થ, ગુણ કે ક્રિયા ઓળખાવનારા શબ્દને **નામ** કહેવામાં આવે છે.

નામના જુદા જુદા અનેક પ્રકાર છે, પરંતુ હાલ તુરત આપણે ત્રણ પ્રકાર પાડીશું. (૧) સંખ્યાવાચક નામ.* (૨) જથ્થાવાચક નામ. (૩) વિશેષ નામ.

ભાગ ૧.

સંખ્યાવાચક નામ

જે નામની (એક, બે, ત્રણ એમ) સંખ્યા ગણી શકાય, અથવા જેનું બહુવચન થઇ શકતું હોય, તેને સંખ્યાવાચક નામ કહેવાં. જેમકે† ચોપડી, ઘોડો, બળદ વગેરે. (એક ચોપડી, બે ચોપડી, ત્રણ ચોપડી, એમ બોલી શકાય.)

---

* The word "Common Noun" is translated thus to express a more distinct meaning. The teacher may translate it as 'સામાન્ય નામ.' if he so likes.

† Attention should be drawn to the use of the article (ક્રમપદ) from the beginning, to establish a correct habit.

નિયમ—૧. અંગ્રેજીમાં એવો ખાસ નિયમ છે કે સંખ્યાવાચક નામ **એકવચનમાં** એકલું આવી શકે નહિ, એટલે કે તેની પહેલાં કોઇ **આર્ટીકલ** (article)† જોઇએજ. આર્ટીકલ બે છે—**a** અથવા **an** અને **the**. ગુજરાતીમાં 'ચોપડી' એમ બોલી શકીએ, પણ અંગ્રેજીમાં book કહેવું તદ્દન ખોટું છે. a book અથવા the book કહેવું જોઇએ.

નિયમ—૨. શબ્દ (નામ) ના પહેલા અક્ષરનો ઉચ્ચાર **ગુજરાતી ભાષાના વ્યંજન*** જેવો થતો હોય તો **a** લગાડવો અને **સ્વર** જેવો થતો હોય તો **an** લગાડવો. જેમકે a book, a horse, an ox, an hour, વગેરે. જો મુકરર અથવા ચોક્કસ નામ સૂચવવું હોય તો **a** અથવા **an** ને બદલે **the** મુકવામાં આવે છે. **the** ના ઉપયોગ વિષે તમે હવે પછી શીખશો.

નામ

ચોપડી	a book	બળદ	an ox
ટોપી	a cap	આનો	an anna
કુતરો	a dog	કાન	an ear
ઘોડો	a horse	આંખ	an eye
પેટી	a box	કીડી	an ant
બાંકડો	a bench	ઈંડું	an egg
માછલું	a fish	તસુ	an inch
કેરી	a mango	ગધેડું	an ass
છોકરો	a boy	કલાક	an hour
બાળક (નાનું)	a baby	કાકો	an uncle

* The teacher should explain here the vowel and consonant sounds of the Gujarati language also.

નીચેનાં નામનું અંગ્રેજી લખો.

ટોપી	આંખ	બાંકડો	ગધેડું
કુતરો	છોકરો	કલાક	કાકા
ચોપડી	પેટી	બાળક	કેરી
બળદ	કીડી	ઈંડું	ઘોડો
આનો	તસુ	માછલું	કાન

ભાગ ૨.

જથ્થાવાચક નામ

જે નામની ગણત્રી ન થઇ શકે, અથવા જેનું બહુવચન ન થતું હોય તેને જથ્થાવાચક નામ તરિકે ઓળખવાં. જેમકે પાણી, સાકર, પ્રકાશ, દયા વગેરે. (એક પાણી, બે પાણી, ત્રણ પાણી એમ ન બોલાય.)

નિયમ—૩. જથ્થાવાચક નામની પહેલાં આર્ટીકલની જરૂર નથી, પરંતુ મુકરરપણું સૂચવવું હોય તો **the** મુકી શકાય.

નામ

પાણી	water	અગ્નિ	fire
દુધ	milk	રેશમ	silk
ચા	tea	સોનું	gold
સાકર	sugar	પ્રકાશ	light
બરફ	ice	દયા	mercy

નીચેનાં નામનું અંગ્રેજી લખો.

પાણી	બાંકડો	ચા	બરફ
સાકર	સોનું	માછલું	બાળક
ટોપી	કેરી	રેશમ	ગધેડું
છોકરો	આંખ	તસુ	દયા
દુધ	પ્રકાશ	અગ્નિ	કાકા

ભાગ ૩.

વિશેષ નામ

કોઈ પ્રાણી અથવા પદાર્થનું ખાસ અથવા પાડેલું નામ હોય તેને વિશેષ નામ કહેવાય છે. જેમકે મોહન, કાન્તા, સુરત વગેરે.

નિયમ—૪. વિશેષ નામને કોઇપણ આર્ટીકલ લાગી શકે નહિ.

નિયમ—૫. વિશેષ નામનો પહેલો અક્ષર કાયમ **કેપીટલ** (capital) લખવો જોઇએ.

નામ

ઇશ્વર	God	સુરત	Surat
મોહન	Mohan	ઉંદર	a rat
કાન્તા	Kanta	બિલાડી	a cat
અબ્દુલ	Abdul	ગાય	a cow
રુસ્તમ	Rustam	છોકરી	a girl

(૧) નીચે જણાવેલાં નામ કયા પ્રકારનાં છે તે જણાવો.
(૨) નીચેનાં નામનું અંગ્રેજી લખો.

ઇશ્વર	સુરત	કાન્તા	અબ્દુલ
મોહન	ગુજરાત	વાણા	રુસ્તમ

ઇશ્વર	કાન્તા	ગાય	પાણી
સુરત	છોકરી	અબ્દુલ	બિલાડી
મોહન	ચા	ગુજરાત	કલાક
દુધ	રુસ્તમ	પેટી	સોનું
ઉંદર	બરફ	તલ	છગન

પાઠ ૪.

નામનું બહુવચન

ભાગ ૧.

એકવચન	બહુવચન
1 (one)* book એક ચોપડી	2 (two) book-s બે ચોપડીઓ
1 (one) dog એક કુતરો	3 (three) dog-s ત્રણ કુતરા
1 (one) cow એક ગાય	4 (four) cow-s ચાર ગાય

ગુજરાતીની જેમ અંગ્રેજીમાં પણ વચન બેજ છે. **એકવચન** અને **બહુવચન.** એકની વાત કરીએ તે એકવચન, અને એક કરતાં વધારેની વાત કરીએ તે બહુવચન.

આગલા પાઠમાં તમે શીખ્યા કે દરેક સંખ્યાવાચક નામનું બહુવચન થઇ શકે છે. અંગ્રેજીમાં બહુવચન કરવાની રીત સ્હેલી છે.

નિયમ—૧. જે નામનું બહુવચન કરવું હોય તેને છેડે **s** લગાડી દેવો. જેમકે book-s†, dog-s, cow-s વગેરે.

સૂચના:— a અથવા an નો અર્થ 'એક' જેવો થાય છે, તેથી તે બહુવચનના નામ પહેલાં કદી મુકાય નહિ. a books, a dogs, એમ બોલવું તદ્દન ખોટું છે.

---

*If the students find it difficult to remember the spellings of the numerals, the figures and their pronunciations only may be taught in the beginning.

† "ક, ટ, થ, પ, ફ," એ ઉચ્ચાર પછી "s" નો ઉચ્ચાર "સ" થાય છે.
બીજા વ્યંજન તથા સ્વરના ઉચ્ચાર " " " " "ઝ" " "
"ચ, જ, ઝ, શ, સ," એ પાંચ ઉચ્ચાર પછી "s" નો બરાબર ઉચ્ચાર થઇ શકતો નથી, માટે "es" લગાડીને "ઈઝ" ઉચ્ચાર કરવામાં આવે છે.

એક, બે, ત્રણ, વગેરે શબ્દો વિશેષણ છે. જે શબ્દ નામનો ગુણ અથવા સંખ્યા બતાવે, તે **વિશેષણ** કહેવાય છે. "બે ચોપડી," "ત્રણ કુતરા," "સારો છોકરો," "ખરાબ માણસ," આ શબ્દોમાં **બે, ત્રણ, સારો, ખરાબ**–એ વિશેષણો છે ગુજરાતીની જેમ અંગ્રેજીમાં વિશેષણ સામાન્ય રીતે નામની પહેલાં મુકાય છે. વિશેષણના ઉપયોગ વિષે વધુ તમે હવે પછી શીખશો.

નામ		વિશેષણ		
દડો	a ball	એક	1	(one)
ઝાડ	a tree	બે	2	(two)
પક્ષી	a bird	ત્રણ	3	(three)
ઘંટ	a bell	ચાર	4	(four)
સિંહ	a lion	પાંચ	5	(five)
પેન્સીલ	a pencil	છ	6	(six)
નિશાળ	a school	સાત	7	(seven)
બટન	a button	આઠ	8	(eight)
ફળ	a fruit	નવ	9	(nine)
બારણું, દરવાજો	a door	દશ	10	(ten)

નીચેના આંકડા અંગ્રેજીમાં લખો.

૧. ૩. ૫. ૭. ૯. ૧૨. ૩૬. ૫૮. ૭૪. ૯૦.
૨૩૬. ૪૮૦. ૨૭૪૫. ૧૬૫૮૦.

નીચેના શબ્દોનું અંગ્રેજી લખો.

એક ઉંદર	સાત નિશાળ	ચોપડીઓ
બે ઉંદરો	આઠ આના	કુતરા
એક દડો	નવ સિંહ	ગાયો
ત્રણ દડા	દશ પેન્સીલ	પક્ષીઓ
ચાર ઝાડો	બે આંખ	છોડીઓ
પાંચ બટનો	ચાર ઘંટ	દરવાજા
છ કલાકો	આઠ ફળ	

ભાગ ૨.

નામને બહુવચનમાં s પ્રત્યય લગાડવામાં આવે છે, પરંતુ કેટલીક વાર s લગાડવાથી બરાબર ઉચ્ચાર થતો નથી (જેમકે box-s, ass-s વગેરે), ત્યારે es લગાડાય છે.

5 (five) ass-es પાંચ ગધેડાં	8 (eight) box-es આઠ પેટી
6 (six) fish-es છ માછલાં	9 (nine) mango-es નવ કેરી
7 (seven) bench-es સાત બાંકડા	10 (ten) horse-s* દશ ઘોડા

નિયમ—૨. જ્યારે નામને છેડે s, sh, ch (ચ ઉચ્ચાર), x કે o (ઓ ઉચ્ચાર) આવે, ત્યારે s ને બદલે es લગાડો.

નામ

કમળ	a lotus	ટમેટું	a tomato
વર્ગ	a class	બટાટું	a potato
થાળી, રકાબી	a dish	ઘર	a house
(નાનું) ઘડીયાળ	a watch	ગુલાબ	a rose
શિયાળ	a fox	નાક	a nose

નીચેના શબ્દોનું અંગ્રેજી લખો.

એક વર્ગ	સાત ઘર	પેટીઓ
બે વર્ગ	આઠ ગુલાબ	ઘોડા
એક રકાબી	નવ ઘડીયાળ	માછલાં
ત્રણ રકાબી	દશ કેરી	બટાટા
ચાર તસુ	ત્રણ નાક	બાંકડા
પાંચ શિયાળ	છ થાળી	ગધેડાં
છ ટમેટાં	નવ કમળ	

* ધ્યાનમાં રાખવું કે આવા શબ્દોમાં ફક્ત 'S' લાગે છે.

ભાગ ૩.

વળી શબ્દને છેડે **y** આવે ત્યારે નીચેનાં ઉદાહરણ ધ્યાનમાં રાખવાં.

a boy છોકરો	**boy-s** છોકરા
a baby બાળક	**bab-ies** બાળકો
a lady બાઇ	**lad-ies** બાઈઓ

નિયમ–૩. જો નામને છેડે **y** હોય, અને તેની પહેલાં સ્વર હોય તો ફક્ત **s** લગાડવો, પરંતુ જો **y** ની પહેલાં વ્યંજન હોય તો **ys** ને બદલે **ies** મુકવો.

આ નિયમને માટે વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવું કે અંગ્રેજી અક્ષરોમાં **a, e, i, o, u,** એ પાંચ સ્વર ગણાય છે, અને બાકીના એકવીસ વ્યંજન ગણાય છે.

નામ

માખી	a fly	રમકડું	a toy
બાઇ	a lady	દિવસ	a day
શહેર	a city	ચાવી	a key
કુરકુરીયું	a puppy	વાંદરો	a monkey
લશ્કર	an army	ગધેડું	an ass, a donkey

નીચેના શબ્દોનું અંગ્રેજી લખો.

એક બાળક	સાત છોકરા	રમકડાં
બે બાળક	આઠ ચાવીઓ	દિવસો
એક રમકડું	નવ વાંદરા	માખીઓ
ત્રણ રમકડાં	દશ માખી	લશ્કરો
ચાર શહેર	સાત દિવસ	વાંદરા
પાંચ કુરકુરીયા	પાંચ લશ્કર	શહેરો
૭ બાઇઓ	દશ ગધેડાં	

પાઠ ૫.

સર્વનામની કર્તા–વિભક્તિ તથા નામની જાતિ

સર્વનામનાં કર્તા–વિભક્તિનાં રૂપ

	એકવચન		બહુવચન
૧લો પુરૂષ	I	હું, મેં.	we અમે, આપણે.
૨જો પુરૂષ	*you	તું, તેં.	you તમે, આપ, આપે.
૩જો પુરૂષ	he she it	તે, તેણે.	they તેઓ, તેમણે.

બોલવા તેમજ લખવામાં એકનું એક નામ વારંવાર વાપરવાથી બહુ લંબાણ થઇ જાય, તેથી દરેક ભાષામાં "સર્વનામ" નો ઉપયોગ કરવામાં આવે છે. બધા નામને બદલે વપરાય તેથી તેને **સર્વનામ** કહે છે.

બોલનાર પોતાને માટે હું શબ્દ વાપરે તેથી "હું" ને પહેલા પુરૂષનું, સાંભળનાર માટે તું વાપરે તેથી "તું" ને બીજા પુરૂષનું તથા બાકીના બધાને માટે **તે** વાપરે તેથી "**તે**" ને ત્રીજા પુરૂષનુ સર્વનામ કહેવામાં આવે છે.

કર્તા વિભક્તનાં એટલે કે **કર્તા તરિકે વપરાતાં** ત્રણે પુરૂષનાં સર્વનામનાં ગુજરાતી તથા અંગ્રેજી રૂપ ઉપર આપ્યાં છે, તે ખાસ યાદ રાખવાં.

નિયમ. હું એટલે I કાયમને માટે કેપીટલ લખાય છે.

---

* The use of the word *thou* is now confined to poetry and prayers only. The teacher should not bother with it at present, as it has little practical use, and its use is the hardest that a student finds in the beginning.

"આપણે" શબ્દમાં સાંભળનાર આવી જાય છે; "અમે" શબ્દમાં સાંભળનાર આવતો નથી. આ બંને શબ્દને માટે અંગ્રેજીમાં **we** મુકાય છે.

અંગ્રેજી ભાષામાં "તુ" ને માટે પણ **you** વાપરવાનો, એટલે કે કોઇને તુંકારે નહિ બોલાવવાનો શિષ્ટાચાર છે.

ત્રીજા પુરૂષ એકવચનના સર્વનામ "તે" ને માટે અંગ્રેજીમાં ત્રણ રૂપ છે.* નર જાતિના નામને બદલે "તે" આવે ત્યારે **he**, નારી જાતિના નામને બદલે **she**, અને નાન્યતર જાતિના નામને બદલે **it** વપરાય છે. આ નિયમને માટે નામની જાતિ જાણવાની જરૂર છે.

નામની જાતિ †

ગુજરાતીમાં નામની જાતિ ઓળખવાને માટે કોઈ નિયમ નથી, તેથી ગુજરાતી શીખનારને ઘણી મુશ્કેલી પડે છે, પરંતુ અંગ્રેજીમાં નામની જાતિ ઓળખવાની રીત સ્હેલી છે.

(૧) **જીવતાં પ્રાણીમાં** નર જાતિનાં નામ હોય, તેમને માટે નર જાતિ ગણવી. જેમકે a boy, an ox, Mohan વગેરે.

(૨) **જીવતાં પ્રાણીમાં** નારી જાતિનાં નામ હોય. તેમને માટે નારી જાતિ ગણવી. જેમકે a girl, a cow, Kanta વગેરે.

(૩) **નાનાં પ્રાણી અથવા જીવડાં** (જેની જાતિ ન ઓળખી શકાય) તથા **જીવ વિનાનાં** દરેક નામને નાન્યતર જાતિનાં ગણવાં. જેમકે a fly, a fish, a pencil, milk, sugar વગેરે.

---

* The speaker and the hearer know each other's sex; hence the distinction of gender in the pronouns of the third person only.

† There is no need to explain the common gender in the beginning.

નામ

હાથ	a hand, an arm	પટ્ટાવાળો	a peon
પાઠ	a lesson	સૂર્ય	the sun †
શિક્ષક	a teacher	ચંદ્ર	the moon
માણસ	a man*	પૃથ્વી	the earth
બાળક	a child	આકાશ	the sky

(૧) નીચેનાં નામ અંગ્રેજીમાં કઈ જાતિનાં છે તે જણાવો.
(૨) નીચેનાં નામનું અંગ્રેજી લખો.

ઈશ્વર	ગાય	તસુ	ચોપડીઓ
આંખ	ફળ	કાકા	વર્ગો
ઘર	સાકર	પૃથ્વી	થાળીઓ
પાઠ	શિક્ષક	કલાક	ઘડીયાળો
બળદ	બરફ	ચા	પેટીઓ
દયા	ઉંદર	બિલાડી	કેરીઓ
દરવાજો	આકાશ	પ્રકાશ	બાજીઓ
કીડી	માણસ	પટ્ટાવાળો	વાંદરા

નીચેના શબ્દોને બદલે "તે" સર્વનામ વપરાયું હોય તો તેનું અંગ્રેજી he, she કે it મુકાય, તે જણાવો.

ઈશ્વર	કુતરો	કાન્તા	મોહન
છોકરો	પક્ષી	માખી	કેરી
છોકરી	બાઈ	દડો	ગાય
બાળક	ઉંદર	ઘોડો	હાથ
નિશાળ	સિંહ	માછલું	વીણા

---

* થોડાંએક નામ જેવાં કે man, child, ox વગેરેનું બહુવચન અનિયમિત રીતે થાય છે, તે તમે આગળ શીખશો.

† કેટલાંક નામ એકજ હોવાથી તેમને ફક્ત the આર્ટીકલ લાગે છે; એવાં નામ the સહિત આપેલાં છે.

પાઠ ૬.

ક્રિયાપદ (સાદો વર્તમાનકાળ)

	એકવચન	બહુવચન
૧લો પુ.	I read.	We read.
	હું વાંચું છું.	અમે વાંચીએ છીએ.
૨જો પુ.	You read.	You read.
	તું વાંચે છે.	તમે વાંચો છો.
૩જો પુ.	He reads.	They read.
	તે વાંચે છે.	તેઓ વાંચે છે.
	A boy reads.	Boys read.
	છોકરો વાંચે છે.	છોકરા વાંચે છે.

તમે શીખી ગયા છો કે જે શબ્દ ક્રિયા બતાવતો હોય, અને વાકયનો અર્થ પુરો કરતો હોય, તેને **ક્રિયાપદ** કહેવાય છે. દરેક ભાષામાં ક્રિયાપદને મુખ્ય પદ અથવા શબ્દ ગણવામાં આવે છે, કારણ કે તેના વિના વાકય બની શકતું નથી.

જેવી રીતે મૂળ સોનું, રૂપું, ત્રાંબુ વગેરે "ધાતુ" હોય છે, અને તેમાંથી દાગીના, વાસણ વગેરે બનાવવામાં આવે છે ત્યારે તે વાપરી શકાય છે, તેવીજ રીતે ક્રિયા બતાવનારો મૂળ શબ્દ **ધાતુ** કહેવાય છે, અને તેમાંથી ક્રિયાપદનાં દરેક જાતનાં રૂપ* કરવામાં આવે છે. દાખલા તરીકે **પડ, ખા, રમ, વાંચ**, વગેરે ધાતુ ઉપરથી **પડે છે, ખાય છે, રમ્યો, વાંચશે**, વગેરે ક્રિયાપદ બનેલાં છે.

વાંચવું to read એ ધાતુના **વર્તમાનકાળનાં†** રૂપ ઉપર આપેલાં છે.

---

* શબ્દનું રૂપ કરવું એટલે તેને વાકયમાં વાપરવા–મુકવા લાયક બનાવવો.

† ચાલુ વખતમાં ક્રિયા થતી હોય તો વર્તમાનકાળ કહેવાય.
ગયા ,, ,, થઇ ,, ,, ભૂતકાળ ,,
આવતા ,, ,, થવાની ,, ,, ભવિષ્યકાળ ,,

ભાગ ૧.

અંગ્રેજીમાં વર્તમાનકાળનાં રૂપ બનાવવાની રીત સ્હેલી છે. **કર્તાની સાથે ક્રિયાપદના મૂળ રૂપને એમને એમ મુકી દેવું. ફક્ત ત્રીજા પુરૂષના એકવચનમાં ક્રિયાપદને s પ્રત્યય લગાડવો.**

સૂચના–૧. ત્રીજા પુરૂપમાં એકવચનમાં "તે" ને માટે નર જાતિ હોય તો **he**, નારી જાતિ હોય તો **she**, અને નાન્યતર જાતિ હોય તો **it** મુકવું. જેમકે

તે (છોકરો) દોડે છે He runs.
તે (છોડી) દોડે છે She runs.
તે (બાળક) દોડે છે It runs.

સૂચના–૨. ખાસ ધ્યાનમાં રાખવું કે ગુજરાતીમાં સાદો વર્તમાનકાળ બનાવતી વખતે "છું, છો, છે કે છીએ" શબ્દની મદદ અથવા સ્હાય લેવી પડે છે. "હું આવું છું" એ વાકયમાં "આવું" મુખ્ય ક્રિયાપદ છે, અને "છું" સ્હાયકારક ક્રિયાપદ છે. પરંતુ અંગ્રેજીમાં એવી જરૂર નથી. હું આવું છું I am come, તે દોડે છે he is run, એમ બોલવું તદ્દન ખોટું છે. પરંતુ I come, he runs, એમ બોલવું જોઇએ.

ક્રિયાપદ

વાંચવું	to read	ખાવું	to eat
દોડવું	to run	આપવું	to give
આવવું	to come	ગાવું	to sing
બેસવું	to sit	ચાહવું	to love
ઉભા રહેવું	to stand	પડવું	to fall

ઉપર આપેલાં દશ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં ત્રણે પુરૂષનાં રૂપ બોલો.*

* This question may be omitted.

૧૭ (અ)

નીચેનાં વાકયોનું ગુજરાતી ભાષાંતર કરો.

1. I run.
2. You sit.
3. He comes.
4. We stand.
5. She sings.
6. They eat.
7. It falls.
8. You give.
9. He loves.
10. She reads.

નીચેનાં વાકયોનું અંગ્રેજી ભાષાંતર કરો. (ખાસ ધ્યાનમાં રાખવું કે દરેક વાક્યનો પહેલો અક્ષર **કેપીટલ** લખવો જોઇએ, તથા દરેક વાકયને છેડે **વિરામચિન્હ*** મુકવું જોઇએ.)

૧. હું ખાઉં છું.
૨. તું ખાય છે.
૩. તે ખાય છે.
૪. અમે ચાલીએ છીએ.
૫. તેઓ આપે છે.
૬. તમે ઉભા રહો છો.
૭. આપણે વાંચીએ છીએ.
૮. તે (છોકરો) પડે છે.
૯. તે (છોડી) પડે છે.
૧૦. તે (ફૂળ) પડે છે.
૧૧. તમે આવો છો.
૧૨. અમે દોડીએ છીએ.
૧૩. હું વાંચું છું.
૧૪. તેઓ ઉભા રહે છે.
૧૫. તે આપે છે.
૧૬. તું ચાલે છે.
૧૭. આપણે બેસીએ છીએ.
૧૮. તે (વીણા) ગાય છે.
૧૯. તે (પક્ષી) ગાય છે.
૨૦. તે (બાલુ) ગાય છે.

---

* અંગ્રેજી તેમજ ગુજરાતીમાં વિરામચિન્હો મુકવાના નિયમો લગભગ સરખા છે. શિક્ષકે ગુજરાતી વાક્યો પ્રમાણે અંગ્રેજી વાક્યોમાં પણ વિરામ-ચિન્હો મુકવાની ટેવ પ્રથમથીજ પડાવવી.

ભાગ ૨.

વ્યાકરણમાં સઘળાં નામને ત્રીજા પુરૂષમાં ગણવામાં આવે છે, **તેથી એકવચનનું નામ કર્તા* તરિકે હોય તો ક્રિયાપદને s પ્રત્યય લગાડવો, અને બહુવચનનું નામ કર્તા તરિકે હોય તો ન લગાડવો.†** જેમકે

છોકરો વાંચે છે A boy reads.

છોકરા વાંચે છે Boys read.

ક્રિયાપદ

રમવું	to play	કુદવું	to jump
બોલવું	to speak	ઉંઘવું, સુઈ જવું	to sleep
લખવું	to write	ચાલવું, ફરવું	to walk
જોવું	to see	પ્રકાશવું	to shine
તરવું	to swim	ચરવું	to graze

ઉપર આપેલાં દશ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં ત્રણે પુરૂષનાં રૂપ બોલો.

---

* "કર્તા" એટલે કરનાર — ક્રિયાપદની સાથે "કોણ" અથવા "કોણે" પુછવાથી જે જવાબ આવે તે "કર્તા" કહેવાય છે.

† ક્રિયાપદને એકવચનમાં S પ્રત્યય લાગે છે. અને નામને બહુવચનમાં S પ્રત્યય લાગે છે. તેથી સામાન્ય નિયમ એવો ગણાય કે કર્તાને S લાગ્યો હોય તો ક્રિયાપદમાં ન આવે. અને ક્રિયાપદને S લાગ્યો હોય તો કર્તામાં ન આવે. જેમકે (1) A boy reads. (2) Boys read.

નીચેનાં વાકયોનું ગુજરાતી ભાષાંતર કરો.

1. A girl plays.
2. Girls play.
3. A dog sleeps.
4. The moon shines.
5. Abdul walks.
6. Teachers speak.
7. A fish swims.
8. The cow grazes.
9. One lady sings.
10. Seven ladies sing.

નીચેનાં વાકયોનું અંગ્રેજી ભાષાંતર કરો. (કેપીટલ અક્ષર તથા વિરામચિન્હ બાબત ધ્યાનમાં રાખવું.)

૧. શિક્ષક લખે છે.
૨. શિક્ષકો લખે છે.
૩. કાન્તા રમે છે.
૪. છોકરાઓ રમે છે.
૫. ઘોડો કુદે છે.
૬. બળદ ચરે છે.
૭. બાળક ઉંઘે છે.
૮. રૂસ્તમ ફરે છે.
૯. સૂર્ય પ્રકાશે છે.
૧૦. કાકા બોલે છે.
૧૧. બાપ જુવે છે.
૧૨. બાપાઓ જુવે છે.
૧૩. માછલીઓ તરે છે.
૧૪. એક લશ્કર આવે છે.
૧૫. બે લશ્કર આવે છે.
૧૬. ત્રણ વાંદરા કુદે છે.
૧૭. ચાર ગધેડાં ખાય છે.
૧૮. પાંચ છોડીઓ ગાય છે.
૧૯. આઠ શિયાળ દોડે છે.
૨૦. નવ ઘોડા ચરે છે.

પાઠ ૭.

અંગ્રેજી વાક્યરચના

I read a book હું ચોપડી વાંચું છું.
Mohan reads fast મોહન ઉતાવળે વાંચે છે.
He reads the book fast તે ચોપડી ઉતાવળે વાંચે છે.

વાક્યરચના એટલે શબ્દોને વાક્યમાં ગોઠવવાની રીત.

ગુજરાતી ભાષામાં વાક્યની ગોઠવણીનો પ્રશ્ન બહુ અગત્યનો નથી. સાધારણ રીતે ક્રિયાપદ વાક્યને છેડે મુકાય છે. તે સિવાય કર્તાને પહેલાં મુકો કે કર્મને પહેલાં મુકો અથવા તો બીજા પદને પહેલાં મુકો, તેથી વાક્યના અર્થમાં બહુ ફેર પડતો નથી. જેમકે

તે ફરીથી પાઠ વાંચે છે.
પાઠ તે ફરીથી વાંચે છે.
ફરીથી તે પાઠ વાંચે છે.
તે પાઠ ફરીથી વાંચે છે.

પરંતુ અંગ્રેજીમાં વાક્યની ગોઠવણી ઉપર વાક્યના અર્થનો મોટો આધાર છે, કારણકે એકના એક શબ્દો જુદી રીતે મુકવાથી વાક્યના જુદા અર્થ થાય છે. જેમકે

Men kill tigers માણસો વાઘને મારે છે.
Tigers kill men વાઘ માણસોને મારે છે.

(Men tigers kill અથવા Kill men tigers એવી રીતે તો બોલાયજ નહિ.) વળી કેટલીક વાર વિરામચિન્હ ન હોય, એટલાથી પણ વાક્યના અર્થમાં ઘણો ફેર પડી જાય છે. જેમકે

Boys, read the lesson છોકરા, પાઠ વાંચો.
Boys read the lesson છોકરા પાઠ વાંચે છે.

આથી વાક્ય ગોઠવવાની રીત પર ખાસ ધ્યાન આપવું.

અંગ્રેજીમાં વાક્ય ગોઠવવાની રીત નીચે પ્રમાણે છેઃ-

(૧) કર્તા* (૨) **ક્રિયાપદ** (૩) **કર્મ**-હોય તો-(૪) **ક્રિયાવિશેષણ.**

હું ચોપડી વાંચું છું—**હું વાંચું છું ચોપડી-**

I read a book.

મોહન ઉતાવળે વાંચે છે—**મોહન વાંચે છે ઉતાવળે-**

Mohan reads fast.

તે ચોપડી ઉતાવળે વાંચે છે—†**તે વાંચે છે ચોપડી ઉતાવળે-**

He reads the book fast.

ક્રિયાપદ

લેવું	to take	ખરીદવું	to buy
મુકવું	to put	વેચવું	to sell
બોલાવવું	to call	ઉઘાડવું	to open
પીવું	to drink	ફેંકવું	to throw
મારવું (મારી નાખવું)	to kill	લાવવું	to bring

ઉપર આપેલાં દશ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં ત્રણે પુરૂષનાં રૂપ બોલો.

* ક્રિયાપદની સાથે "કોણ" અથવા "કોણે" પુછવાથી જે જવાબ આવે તે "કર્તા" કહેવાય છે, "શું" અથવા "કોને" પુછવાથી જે જવાબ આવે તે "કર્મ" કહેવાય છે, તથા "ક્યાં," "ક્યારે," "કેમ," "કેવી રીતે," અથવા "કેટલીવાર" પુછવાથી જે જવાબ આવે તે "ક્રિયાવિશેષણ" કહેવાય છે."

† શરૂઆતમાં આ રીતે ગુજરાતી વાક્યોને અંગ્રેજી ઢબમાં ગોઠવીને તરજુમો કરાવવાથી વધારે સહેલું પડશે.

ક્રિયાવિશેષણ.

અહિં, આમ here	ફરીથી again
ત્યાં there	રોજ, દરરોજ daily
જલ્દી–ઉતાવળે fast	એકવાર once
ધીમેથી slowly	બેવાર twice
તાણીને, મોટેથી loudly	ત્રણવાર thrice

નીચેનાં વાક્યોનું ગુજરાતી ભાષાંતર કરો.

1 I see a dog. **2.** Magan brings the cow. **3**. We buy pencils. **4.** You sell potatoes. **5.** The girl sings loudly. **6.** Mohan writes well. **7.** You speak slowly. **8.** They walk fast. 9. He reads the lesson daily. **10.** She drinks milk twice.

અંગ્રેજી રીત પ્રમાણે ગોઠવીને ભાષાંતર કરો.

૧. અમે ઇશ્વરને ચાહીએ છીએ. ૨. હું પેન્સીલ લઉં છું. **૩.** શિક્ષક પટ્ટાવાળાને બોલાવે છે. **૪.** તેઓ ટમેટાં ખરીદે છે. **૫**. અમે બારણું ઉઘાડીએ છીએ. ૬. તે કેરીઓ ખાય છે. **૭.** બિલાડી ઉંદરને મારે છે. ૮. તું રમકડાં વેચે છે. ૯. આપણે દરરોજ રમીએ છીએ. **૧૦.** મોહન ઉતાવળે દોડે છે. **૧૧.** હું ફરીથી વાંચું છું. **૧૨.** એ છોકરીઓ ધીમેથી ગાય છે. **૧૩.** નવ બાઈઓ અહિં આવે છે. **૧૪**. ગાય બેવાર દુધ આપે છે. **૧૫.** તે ફરીથી દડો ફેંકે છે. **૧૬.** વિનુ પાઠ મોટેથી વાંચે છે. **૧૭.** તમે ત્રણવાર ચા પીવો છો. **૧૮**. કાન્તા ગાયને અહિં લાવે છે. **૧૯.** હું ચોપડી ત્યાં મુકું છું. **૨૦.** છગન અહિં દરરોજ આવે છે.

પાઠ ૮.

સર્વનામની કર્મ-વિભક્તિ

He calls me તે મને બોલાવે છે.
I see him હું તેને જોઉં છું.

આગલા પાઠમાં આપણે જોયું કે અંગ્રેજીમાં નામ કર્તા હોય કે કર્મ હોય, તેથી તેના રૂપમાં ફેર પડતો નથી. જો નામ કર્તા હોય તો ક્રિયાપદની પહેલાં મુકાય છે, અને કર્મ હોય તો ક્રિયાપદની પછી મુકાય છે. જેમકે Mohan brings a cow મોહન ગાયને લાવે છે. I see Mohan હું મોહનને જોઉં છું. (પહેલા વાક્યમાં "મોહન" કર્તા છે અને બીજામાં "મોહન" કર્મ છે.)

પરંતુ સર્વનામ કર્મ તરીકે આવે ત્યારે તેનાં જુદાં રૂપ થાય છે. સર્વનામની કર્મ-વિભક્તિનાં ગુજરાતી તેમજ અંગ્રેજી રૂપ નીચે આપેલાં છે, તે ઘણા ઉપયોગી હોવાથી ખાસ ધ્યાનમાં રાખવાં.

	એકવચન	બહુવચન
૧લો પુ.	**me** મને.	**us** અમને, આપણને.
૨જો પુ.	**you** તને.	**you** તમને, આપને.
૩જો પુ.	**him** (નર.), **her** (નારી.), **it** (નાન્ય.) } તેને.	**them** તેમને, તેઓને.

ક્રિયાપદનો સાદો વર્તમાનકાળ (ચાલુ)

She washes the hands તે હાથ ધોવે છે.
He teaches us તે અમને શીખવે છે.
The peon goes પટ્ટાવાળો જાય છે.
A bird flies પક્ષી ઉડે છે.
The boy plays છોકરો રમે છે.

આપણે જોયું કે વર્તમાનકાળના વાક્યમાં કર્તા ત્રીજા પુરૂષના એકવચનમાં હોય, ત્યારે ક્રિયાપદને s પ્રત્યય લગાડવામાં આવે છે.

વળી આપણે જોયું કે નામનું બહુવચનનું રૂપ કરવું હોય, ત્યારે પણ s પ્રત્યય લગાડવામાં આવે છે.

ઉપર આપેલાં વાક્યો ઉપરથી તમે જોઇ શકશો કે નામને s પ્રત્યય લગાડતી વખતે જે ફેરફાર કરવાનું તમે ચોથા પાઠમાં શીખ્યા, તે પ્રમાણેજ ક્રિયાપદને પણ s પ્રત્યય લગાડતી વખતે ફેરફાર કરવામાં આવે છે.

ક્રિયાપદ

દબાવવું to press	જવું to go
ધોવું to wash	ઉડવું to fly
પકડવું, ઝીલવું to catch	જાણવું, ઓળખવું to know
શીખવવું, ભણાવવું to teach	રડવું to weep, to cry
ચીડવવું, સતાવવું to vex	કરવું, બનાવવું to make

ઉપર આપેલાં દશ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં ત્રણે પુરૂષનાં રૂપ બોલો.

વિશેષણ

અગીયાર	11	(eleven)	સોળ	16	(sixteen)
બાર	12	(twelve)	સત્તર	17	(seventeen)
તેર	13	(thirteen)	અઢાર	18	(eighteen)
ચૌદ	14	(fourteen)	ઓગણીસ	19	(nineteen)
પંદર	15	(fifteen)	વીસ	20	(twenty)

ગુજરાતી ભાષાંતર કરો.

1. We know *him.* **2.** He loves *me.* **3.** They give *us.* **4.** I wash *it.* **5.** We see *them.* **6.** The boy calls *her.* **7.** The fly *flies* **8.** He *presses* the hands. **9.** The cat *catches* the rat. **10.** She *teaches* twenty girls.

અંગ્રેજી રીત પ્રમાણે ગોઠવીને ભાષાંતર કરો.

૧. તમે તેને (પટ્ટાવાળાને) બોલાવો છો. ૨. તમે તેને (બાઈને) બોલાવો છો. ૩. તમે તેને (બાળકને) બોલાવો છો. ૪. તમે તેને (છોકરાઓને) બોલાવો છો. ૫. બાળક તાણીને રડે છે. ૬. તે બાંકડા બનાવે છે. ૭. શિક્ષક તમને ઓળખે છે. ૮. તે બટન દબાવે છે. ૯. બેહેરામ આપને બોલાવે છે. ૧૦. છોકરો દડો ઝીલે છે. **૧૧.** છગન અમને ચીડવે છે. ૧૨. હું તે (ચા) પીઉં છું. ૧૩. હું તેને (છોડીને) ઓળખું છું. ૧૪. હું તેને (મોહનને) આપું છું. **૧૫** માખીઓ ઉડે છે. ૧૬. અગીયાર છોકરા રમે છે. **૧૭.** હું બાર થાળીઓ ધોઉં છું **૧૮.** પંદર પક્ષી ઉડે છે. **૧૯.** ઈશ્વર આપણને ચાહે છે. ૨૦. તે અઢાર કેરી ખરીદે છે.

પાઠ ૯.

નામ–યોગી (Prepositions)

I sit in the class હું વર્ગમાં બેસું છું.
He takes a toy from the box
તે પેટીમાંથી રમકડું લે છે.

ગુજરાતીની જેમ અંગ્રેજીમાં નામની વિભક્તિનો સવાલ અગત્યનો નથી, કારણ કે તેને જુદા જુદા પ્રત્યયો લગાડીને તેનાં જુદા જુદા અર્થનાં રૂપ કરવામાં આવતાં નથી નામયોગી અવ્યયની મદદથી આ પ્રશ્ન બહુ સરલ રીતે ઉકેલવામાં આવ્યો છે.

નામની (અથવા સર્વનામની) સાથે જોડાયેલા અવ્યયને **નામયોગી** કહેવામાં આવે છે.

In, on, under, from, near, એ પાંચ નામયોગીના ઉપયોગ નીચે આપેલા છે. બીજા નામયોગી વિષે તમે હવે પછી શીખશો.

વર્ગમાં in the class	**વર્ગની અંદર in the class**
મેજ ઉપર on the table	**મેજની ઉપર on the table**
ખુરશી નીચે under the chair	**ખુરશીની નીચે under the chair**
ઝાડમાંથી from the tree	ઝાડ ઉપરથી **from the tree**
બારણા પાસે near the door	બારણાની નજીક **near the door**

સૂચના:–ખાસ ધ્યાનમાં રાખવું કે ગુજરાતીમાં નામયોગી અવ્યય નામની પછી આવે છે, પણ અંગ્રેજીમાં તે નામની પહેલાં મુકાય છે, જેમકે મેજ ઉપર on the table, બારણા પાસે near the door, ઝાડ ઉપરથી from the tree.

નામ

ટેબલ a table	છાપરૂં a roof
સ્લેટ a slate	નદી a river
ખુરશી a chair	મા, માતુશ્રી a mother
ખાટલો a cot	ફૂલ a flower
માથું a head	વાડી a garden
મિત્ર a friend	પારણું a cradle
શેત્રંજી a carpet	વરસાદ rain
ખેતર, મેદાન a field	ઘઉં wheat
વાદળું a cloud	રોટી bread
બારી a window	ક્રિકેટ cricket

1. The moon shines *in* the sky. 2 The baby sleeps *in* a cradle. 3. They sit *on* a carpet. 4. The boy writes *on* a slate. 5. I sit *near* the table. 6 The child plays *near* the mother 7. Rain falls *from* the clouds. 8. We make bread *from* wheat. 9. She takes a pencil *from* the box. 10. He stands *under* a tree.

૧. અમે નદીમાં તરીએ છીએ. ૨. પક્ષી આકાશમાં ઉડે છે. ૩. ગાય ખેતરમાં ચરે છે. ૪. છોકરા મેદાનમાં ક્રિકેટ રમે છે. ૫. તે ઘડીયાળને પેટીમાં મુકે છે. ૬. ઝાડ ઉપરથી કેરી પડે છે. ૭. તે નિશાળમાંથી આવે છે. ૮. અમે બારીમાંથી મિત્રને બોલાવીએ છીએ. ૯. વાંદરો છાપરા ઉપરથી કુદે છે. ૧૦. હું વાડીમાંથી ફૂલો લાવું છું. ૧૧. જયન્ત ખાટલા પર સુવે છે. ૧૨. શિક્ષક ખુરશી ઉપર બેસે છે. ૧૩. અમે બાંકડા ઉપર બેસીએ છીએ. ૧૪. હું ટોપી માથે મુકું છું. ૧૫. અહમદ (Ahmed) બારી પાસે બેસે છે. ૧૬. સુશીલ વાડી પાસે રમે છે. ૧૭. કુતરો દરવાજા પાસે ઉંઘે છે. ૧૮ અમે છાપરા નીચે ઉભા રહીએ છીએ. ૧૯. સિંહ ઝાડ નીચે ઉંઘે છે. ૨૦. તમે ચોપડી ટેબલ નીચે મુકો છો.

પાઠ ૧૦.

To be ક્રિયાપદનો વર્તમાનકાળ

I am a student હું વિદ્યાર્થી છું.
Milk is white દુધ સફેદ હોય છે.
The book and* the slate are on the table
ચોપડી અને સ્લેટ ટેબલ ઉપર છે.

ઘણીખરી ભાષાની જેમ અંગ્રેજીમાં પણ **હોવું to be** ક્રિયાપદનાં રૂપ અનિયમિત રીતે થાય છે, તેથી નીચે આપેલાં રૂપ ખાસ યાદ રાખવાં.

હોવું to be નાં વર્તમાનકાળનાં રૂપ.

	એકવચન	બહુવચન
૧લો પુ.	**I am હું છું.**	**We are અમે-આપણે છીએ.**
૨જો પુ.	**You are તું છે.**	**You are તમે છો.**
૩જો પુ	**He / She / It is તે છે.**	**They are તેઓ છે.**
	A boy is છોકરો છે.	**Boys are છોકરા છે.**

સૂચના:—"હોવું" ક્રિયાપદ અપૂર્ણ ક્રિયાસૂચક છે એટલે કે અધુરૂં છે. હું છું, દુધ હોય છે, ચોપડી છે, એવું બોલવાથી અર્થ પુરેપુરો સમજાતો નથી, પરંતુ હું વિદ્યાર્થી છું, દુધ સફેદ હોય છે, ચોપડી ટેબલ ઉપર છે, એમ બોલીએ ત્યારે વાક્યનો અર્થ બરાબર સમજાય છે. આ વાક્યોમાં વિદ્યાર્થી, સફેદ, ટેબલ ઉપર, એ શબ્દો

* And=અને. ઉભયાન્વયી અથવા જોડક અવ્યય છે. તે શબ્દો તથા વાક્યોને જોડે છે, અને અંગ્રેજીમાં પણ ગુજરાતીની જેમજ વપરાય છે. બીજા જોડક (conjunctions) વિષે તમે આગળ શીખશો.

ક્રિયાપૂરક કહેવાય છે. **ક્રિયાપૂરક** એટલે ક્રિયાપદનો અર્થ પૂરો કરનારા શબ્દો. ધ્યાનમાં રાખવું કે અંગ્રેજીમાં આવા શબ્દો ક્રિયાપદની પછી મુકાય છે.

વિશેષણ

a good boy	**a good girl**
સારો છોકરો	**સારી છોડી**
a good child	**good boys**
સારૂં છોકરૂં	**સારા છોકરા**
the red cow	**an idle man**
રાતી–લાલ ગાય	**આળસુ માણસ**

ગુજરાતીમાં કેટલાંક વિશેષણો વિકારી અને કેટલાંક અવિકારી હોય છે (જેમકે "રાતો" વિકારી, "લાલ" અવિકારી). પરંતુ અંગ્રેજીમાં બધા વિશેષણો અવિકારી છે, એટલે કે તેનાં જાતિ અને વચન પ્રમાણે જુદાં જુદાં રૂપ થતાં નથી. જેમકે સારો છોકરો a good boy, સારી છોડી a good girl.

આપણે ત્રીજા પાઠમાં જોયું કે સંખ્યાવાચક નામ એકવચનમાં હોય તો તેની પહેલાં a, an અથવા the આર્ટીકલ મુકાય છે. જ્યારે નામને વિશેષણ લાગેલું હોય ત્યારે આર્ટીકલ વિશેષણની પહેલાં મુકવો. જેમકે છોકરો a boy, સારો છોકરો a good boy.

વળી ધ્યાનમાં રાખવું કે વિશેષણના પહેલા અક્ષરનો ઉચ્ચાર સ્વર જેવો હોય તો an મુકાય, અને વ્યંજન જેવો હોય તો a મુકાય. જેમકે a good boy, an idle man. જો બે વિશેષણ હોય, તો પહેલા વિશેષણ પ્રમાણે આર્ટીકલ મુકવો, જેમકે an old red cap જુની લાલ ટોપી, a red old cap લાલ જુની ટોપી.

વિશેષણ

સફેદ, ધોળુ white	સારો, ભલો good
લીલુ green	નઠારો, ખરાબ bad
લાલ, રાતુ red	આળસુ idle
કાળુ black	પ્રમાણિક honest
ભુરૂ, વાદળી blue	સ્હેલુ easy
પીળુ yellow	જોરાવર, મજબૂત strong
ગુલાબી pink	નબળો weak
કાબરચિતરૂ gray	જુનું, ઘરડું, મોટું (ઉમરમાં) old
તપખીરી brown	મોટુ (કદમાં) big, large
જાંબલી purple	ગોળ round

1. He *is an* idle boy. 2. We *are* seven. 3. She *is a* good girl 4. They *are* bad boys. 5. Roses *are* pink. 6. It *is a* yellow button. 7. You *are an* honest man. 8. The window *is* brown. 9. I buy *a* red *and* blue pencil. 10. We see *a* gray horse.

સૂચના:—"તે" શબ્દનો તરજુમો કરવામાં ધ્યાન રાખવું.

૧. હું જોરાવર છું. ૨. આપ ભલા છો. ૩. તે નબળો છે. ૪. તે નબળી છે. ૫ તે સ્હેલો પાઠ છે. ૬. આકાશ વાદળી છે. ૭. ઘાસ લીલુ હોય છે. ૮. સોનું પીળુ હોય છે. ૯. સ્લેટ કાળી હોય છે. ૧૦. તે ડોસો (ઘરડો માણસ) છે. ૧૧. તે ડોસી (ઘરડી બાઇ) છે. ૧૨. તે જુનું ઘડીયાળ છે. ૧૩. તે આળસુ છોકરા છે. ૧૪. તેઓ વર્ગમાં છે. ૧૫. બાલુ પ્રમાણિક છોકરો છે. ૧૬. પૃથ્વી ગોળ છે. ૧૭. લાલ ચોપડી મોટા ટેબલ ઉપર છે. ૧૮. સારા છોકરા રોજ વાંચે છે. ૧૯. હું પીળો દડો લઉં છું. ૨૦. અબ્દુલ જાંબલી ટોપી ખરીદે છે.

પાઠ ૧૧.

સર્વનામી-વિશેષણ

(Pronominal adjectives)

This is my book.	**These are my books.**
આ મારી ચોપડી છે.	**આ મારી ચોપડીઓ છે.**
That house is big.	**Those houses are big.**
તે ઘર મોટું છે.	**તે ઘરો મોટાં છે.**
He is an honest man.	**That man is honest.**
તે પ્રમાણિક માણસ છે.	**તે માણસ પ્રમાણિક છે.**
They are good boys.	**Those boys are good.**
તે સારા છોકરા છે.	**તે છોકરા સારા છે.**

અંગ્રેજી ભાષામાં સર્વનામ કોઇ નામનો ગુણ અથવા સંબંધ દેખાડે, ત્યારે તેને **સર્વનામી-વિશેષણ** કહેવામાં આવે છે.

એવાં કેટલાંક સર્વનામી-વિશેષણો નીચે આપ્યાં છે:—

મારૂં my	આ (એકવચન) this
અમારૂં, આપણું our	આ (બહુવચન) these
તારૂં, તમારૂં આપનું your	તે, પેલો (એકવચન) that
તેનું (નરજાતિ) his	તે, પેલો (બહુવચન) those
તેનું (નારીજાતિ) her	દરેક each, every
તેનું (નાન્યતરજાતિ) its	કોઇ, કાંઇક, કેટલુંક, કેટલાંક, થોડુંક } some
તેમનું, તેઓનું their	

નિયમ. સંખ્યાવાચક નામ એકવચનમાં હોય, ત્યારે તેની પહેલાં આર્ટીકલ મુકવો જોઇએ, એવું તમે શીખ્યા છો, પરંતુ તે નામની પહેલાં સર્વનામી-વિશેષણ આવે ત્યારે આર્ટીકલ મુકાતો નથી. જેમકે ચોપડી a book, મારી ચોપડી my book, આ ચોપડી this book.

સૂચના. ૧. **"આ"** અને **"તે"** ફક્ત એ બે વિશેષણો અંગ્રેજીમાં વિકારી છે. એકવચનના નામ પહેલાં **this** અને **that** વપરાય છે, અને બહુવચનના નામ પહેલાં **these** અને **those** વપરાય છે.

સૂચના. ૨. **"તે"** શબ્દનું અંગ્રેજીમાં ભાષાંતર કરતી વખતે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

(a) "તે" સર્વનામ હોય (**એકલું આવે**) ત્યારે તેને માટે જાતિ અથવા વચન પ્રમાણે he, she, it કે they વાપરવું.

(b) "તે" એટલે "પેલો" એવો અર્થ સમજાતો હોય, અથવા "તે" વિશેષણ હોય (**નામની પહેલાં આવે**) ત્યારે that કે those વાપરવું.

(c) ગુજરાતીમાં "તે" ને બદલે "એ" શબ્દ પણ વપરાય છે, ત્યાં "એ" નો તરજુમો "તે" પ્રમાણે કરવો.

નામ

કલમ a pen	ફૂટપટ્ટી a ruler
ટાંક a nib	ડસ્ટર a duster
શાહી ink	ચાવી a key
ખડીયો an inkpot	તાળું a lock
નકશો a map	ઘડીયાળ (મોટું) a clock
ટાંચણી a pin	રાજા a king
ઘોડી an easel	રાણી a queen
દિવાલ a wall	સમયપત્રક a time-table
સીલીંગ a ceiling	ચાક a chalk-stick
જમીન (ઘરની અંદરની), ભોંયતળીયું a floor	પાટીયું (કાળું) a black-board

1. *He* is *our* teacher. 2. *She* is *his* mother. 3. *It* is *her* lock. 4. *This* chalk-stick is white. 5. *These* lessons are easy. 6. *That* wall is red. 7. *Those* rulers are good. 8. *Each* boy reads *his* book. 9. I take *some* milk. 10. *Some* boys play and *some* boys swim.

૧. તે રાજા છે. ૨. તે રાણી છે. ૩. તે ઘડીયાળ છે. ૪. આ સમયપત્રક છે. ૫. આ શાહી કાળી છે. ૬. આ મારો ખડીયો છે. ૭. આ તમારી ટાંચણીઓ છે. ૮. આ ઘોડા ઘાસ ખાય છે. ૯. એ ડસ્ટર છે. ૧૦. એ સીલીંગ સફેદ છે. ૧૧. તે બાંકડા જમીન ઉપર છે. ૧૨ તે કલમ લે છે. ૧૩. હું તે કલમ લઉં છું. ૧૪. તે કેટલીક ચાવીઓ લાવે છે. ૧૫. તે છોડી નકશો ઉઘાડે છે. ૧૬. તે છોકરો પાટીયાને ઘોડી ઉપર મુકે છે. ૧૭. કેટલીક ટાંક સારી છે, અને કેટલીક ખરાબ છે. ૧૮. ઇશ્વર દરેક માણસને ચાહે છે. ૧૯. તેઓના રાજા ભલા છે. ૨૦. અમારા શિક્ષક પ્રમાણિક છે.

પાઠ ૧૨.

નામનું અનિયમિત બહુવચન

૩૨ દાંત 32 (thirty-two) teeth
૧૦૧ હરણ 101 (one hundred and one deer)

નામનું બહુવચન કરવું હોય તો s કે es પ્રત્યયો લગાડવામાં આવે છે, તે નિયમો તમે ચોથા પાઠમાં શીખ્યા, પરંતુ થોડાંક નામ એવાં છે કે જેનું બહુવચન અનિયમિત રીતે કરવામાં આવે છે. એવાં બહુ વપરાતાં નામ નીચે આપેલાં છે.

નામ	એકવચન	બહુવચન
માણસ, નર	a man	men
બાઇ, સ્ત્રી	a woman	women
બળદ	an ox	oxen
બાળક, છોકરૂં	a child	children
ઉંદર	a mouse	mice
જૂ	a louse	lice
(૧) પગ. (૨) ફુટનું માપ	a foot	feet
હંસ	a goose	geese
દાંત	a tooth	teeth
ઘેટું	a sheep	sheep
હરણ	a deer	deer
પૈસો (છુટો)	a pice	pice
વાળ	a hair	hair*
કપડાં	....	clothes †
લોકો	....	people †

* જથ્થાવાચક તરીકે એકવચનમાં પણ વપરાય છે.

† અંગ્રેજીમાં ફકત બહુવચનમાં વપરાય છે.

વિશેષણ

૨૧	21 (twenty-one)	૪૦	40 (forty)
૨૨	22 (twenty-two)	૫૦	50 (fifty)
૨૩	23 (twenty-three)	૬૦	60 (sixty)
૨૪	24 (twenty-four)	૭૦	70 (seventy)
૨૫	25 (twenty-five)	૮૦	80 (eighty)
૨૬	26 (twenty-six)	૯૦	90 (ninety)
૨૭	27 (twenty-seven)	૧૦૦	100 (hundred)
૨૮	28 (twenty-eight)	૧૦૧	101 (one hundred and one)*
૨૯	29 (twenty-nine)		
૩૦	30 (thirty)	૧૦૦૦	1000 (thousand)

વર્ગમાં વારાફરતી એકથી બસો સુધી અંગ્રેજી નંબર બોલો.

૧. પચીસ† બાળકો. ૨. બસો ઉંદર. ૩. ચાલીસ ફુટ. ૪. ચોસઠ પૈસા. ૫. ત્રણુ જૂ ૬. પાંચસો લોકો. ૭. નવાણું બળદ. ૮ બે પગ. ૯. સત્તાસી ઘેટાં. ૧૦. ચાર કાળા વાળ. ૧૧. છપ્પન હંસ. ૧૨. એકોતેર કપડાં. ૧૩. ચાર હજાર માણસો. ૧૪. એકસો આઠ સ્ત્રીઓ. ૧૫. તમારા દાંત મજબૂત છે. ૧૬. એના વાળ ધોળા (gray) છે. ૧૭. આ બાઇઓ કપડાં ધોવે છે. ૧૮. માણસો બાળકોને ચાહે છે. ૧૯. તે જૂ છે. ૨૦. એ લોકો ભલા છે.

---

* Thirty-one, thirty-two એ પ્રમાણે ૧૦૦ સુધી બોલાય, પણ ૧૦૧ કહેવું હોય તો one hundred *and* one એ પ્રમાણે *and* ઉમેરીને બોલાય. જેમકે ૪૨૫ four hundred and twenty-five.

† Figures and pronunciations only may be taught.

પાઠ ૧૩.

નામની સંબંધ-વિભક્તિ

A boy's book	**Boys' school**
છોકરાની ચોપડી	**છોકરાઓની નિશાળ**
Men's hands	**The wall of the house**
માણસોના હાથ	**ઘરની દિવાલ**

અંગ્રેજીમાં નામની વિભક્તિનાં જુદાં જુદાં રૂપ કરવામાં આવતાં નથી, પરંતુ પ્રત્યયોને બદલે નામયોગી વાપરવામાં આવે છે, તે તમે નવમા પાઠમાં શીખ્યા.

ફક્ત સંબંધ વિભક્તિમાં, ગુજરાતીમાં જેમ **નો, ની, નું**, વગેરે પ્રત્યય લગાડવામાં આવે છે, તેમ અંગ્રેજીમાં **'s** (apostrophe–ઍપોસ્ટ્રોફી **s**) લગાડવામાં આવે છે, જેમકે છોકરાની ચોપડી **a boy's book**, બળદનું પુંછડું **an ox's tail.**

નો, ની, નું, વગેરે પ્રત્યયનો તરજુમો નામયોગી **of** થી પણ કરવામાં આવે છે, જેમકે છોકરાની ચોપડી the book of a boy, બળદનું પુંછડું the tail of an ox.

નિયમ

(૧) જો જીવવાળાં પ્રાણીનું નામ હોય, તો **'s** લગાડાય અથવા **of** વપરાય. જેમકે the boy's book અથવા the book of the boy.

(૨) જો નાનાં જીવડાં અથવા જીવ વગરનાં પદાર્થનું નામ હોય તો ફક્ત **of** વપરાય. જેમકે ઘરની દિવાલ the wall of the house, ઘઉંની રોટી the bread of wheat; પણ the house's wall, the wheat's bread એમ નહિ.

સંબંધ–વિભક્તિનો 's લગાડવાના નિયમો

(૧) જો નામ એકવચનમાં હોય તો 's લગાડવો. જેમકે છોકરાની ટોપી a boy's cap.

(૨) જો નામ બહુવચનમાં હોય, અને તેને બહુવચનનો s કે es પ્રત્યય લાગેલો હોય, તો ફક્ત ઍપોસ્ટ્રોફીનું ચિન્હ ' લગાડવું. જેમકે છોકરાઓની ચોપડીઓ boys' books, સ્ત્રીઓના હાથ ladies' hands.

(૩) જો નામ બહુવચનમાં હોય, અને તેનું બહુવચનનું રૂપ s કે es પ્રત્યય લાગ્યા વિના થયું હોય તો 's લગાડવો. જેમકે માણસોના હાથ men's hands, બળદોનાં પુંછડાં oxen's tails.

સૂચના:— સંખ્યાવાચક નામ એકવચનમાં હોય ત્યારે તેની પહેલાં આર્ટીકલ મુકવો જોઇએ, એવું તમે શીખ્યા છો, પરંતુ તે નામની પહેલાં 's લાગેલું એટલે કે સંબંધ–વિભક્તિનું નામ હોય ત્યારે આર્ટીકલ ન મુકયો હોય તોપણ ચાલી શકે છે.* જેમકે ચોપડી a book, ગોવિંદની ચોપડી Govind's book, છોકરાઓની નિશાળ boys' school.

---

* A boy's book માં "a" આર્ટીકલ boy ને લાગેલો છે.

નામ

શરીર a body	છાતી a chest
ચહેરો a face	પીઠ, વાંસો a back
નાક a nose	હાથની આંગળી a finger
કાન an ear	પગની આંગળી a toe
મુખ, મોઢું a mouth	નખ a nail
હોઠ a lip	પાંખ a wing
જીભ a tongue	પુંછડું a tail
ગાલ a cheek	શીંગડું a horn
પગ a leg*	ચામડી skin
ગરદન a neck	લોહી blood

1. A *man's* neck. 2. The neck *of* a man. 3. *Sushil's* mouth. 4. *Horses'* tails. 5. A *child's* fingers. 6. *Children's* lips. 7. That *boy's* chest. 8. Those *babies'* cheeks. 9. An *ass's* ears. 10. The old *woman's* face.

બની શકે ત્યાં બે રીતે તરજુમો કરો.

૧. ગાયનું દૂધ. ૨. ઘેટાંના વાળ. ૩. હરણની આંખો ૪. સુરેશનું માથું ૫. પક્ષીઓની પાંખો. ૬. હંસના પગ. ૭. ઉંદરના દાંત. ૮. બળદનાં શીંગડાં. ૯. સ્ત્રીઓનાં કપડાં. ૧૦. વાંદરાના નખ. ૧૧. ગધેડાની પીઠ. ૧૨. કુતરાની જીભ. ૧૩. તે ડોસાના પગ. ૧૪. છાતીનું લોહી. ૧૫. વાડીનાં ઝાડ. ૧૬. નદીનું પાણી. ૧૭. શરીરની ચામડી. ૧૮. કેરીની પેટીઓ. ૧૯. (નાનાં) બાળકોનાં પારણાં. ૨૦. આ માણસોનાં (પગનાં) આંગળાં.

---

* leg = જાંગથી તળીયા સુધીનો આખો પગ.
foot = પગનો ઘુંટીથી તળીયા સુધીનો ભાગ.

પાઠ ૧૪.

આજ્ઞાર્થ

Sit there ત્યાં બેસ.
Sir, please come here સાહેબ, અહિં પધારો.
Boy, read your lessons
છોકરા, તું તારા પાઠ વાંચજે.

જે ક્રિયાપદમાં હુકમ, વિનંતિ, માગણી કે શિખામણનો અર્થ અથવા ભાવ સમાયેલો હોય તેને આજ્ઞાર્થનું ક્રિયાપદ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં આજ્ઞાર્થનું રૂપ કરતી વખતે ક્રિયાપદ મૂળ રૂપે વપરાય છે. જેમકે જા Go, બેસ Sit, આ વાંચો Read this, ભલા થાઓ Be good.

ગુજરાતીમાં આજ્ઞાર્થ રૂપ બે રીતે બોલાય છે. જેમકે

	એકવચન	બહુવચન
વર્તમાન રૂપ	વાંચ.	વાંચો.
ભવિષ્ય રૂપ	વાંચજે.	વાંચજો.

પરંતુ અંગ્રેજીમાં આ બધાં રૂપનો તરજુમો **એકજ રીતે** થાય છે, જેમકે વાંચ Read. વાંચો Read. વાંચજે Read. વાંચજો Read.

અંગ્રેજી ભાષામાં વિનંતિ બતાવવી હોય ત્યારે ક્રિયાપદની પહેલાં **please** મુકવાનો વિવેક અથવા શિષ્ટાચાર છે. જેમકે

સાહેબ, અહિં પધારો Sir, please come here
મહેરબાની કરીને ત્યાં બિરાજો Please sit there.

આજ્ઞાર્થ ક્રિયાપદનો કર્તા **તું** અથવા **તમે** હોય છે. ગુજરાતી વાકયોમાં કર્તા મુકવામાં આવે છે અથવા અધ્યાહાર્ય રાખવામાં આવે છે (મુકવામાં આવતો નથી), પરંતુ **અંગ્રેજીમાં કદી મુકવો નહિ.** જેમકે *છોકરા, તું તારા પાઠ વાંચજે Boy, read your lessons. છોકરાઓ, તમે આમ આવજો †Boys, come here.

ખાસ સૂચના:— અંગ્રેજી ભાષામાં આજ્ઞાર્થ અને વર્તમાનકાળમાં ક્રિયાપદનાં રૂપ લગભગ સરખા હોય છે, પરંતુ મુખ્ય ફેર એજ છે કે આજ્ઞાર્થના વાક્યમાં કર્તા આવેજ નહિ, અને વર્તમાનકાળના વાક્યમાં કર્તા મુકવોજ જોઇએ.

ક્રિયાપદ

અડવું, અડકવું **to teach**	ઓળવું **to comb**
સુંઘવું **to smell**	કાપવું **to cut**
ચાખવું **to taste**	રાખવું **to keep**
સાંભળવું **to hear**	વગાડવું **to ring**
પહેરવું **to wear**	બોળવું **to dip**

* કોઈને બોલાવતા હોઈએ અથવા કાંઇ કહેતા હોઈએ, ત્યારે તેને "સંબોધન" કર્યું એમ કહેવાય છે. જેને સંબોધન કરતા હોઈએ તે નામ એકવચનમાં હોય તોપણ તેને આર્ટીકલ લાગતો નથી.

† The teacher should point out and explain the necessity of a punctuation mark after the word *Boys.*

વિશેષણ

નવું new
ટુંકું, ઠીંગણું short
લાંબુ long
ચોકખુ, સાફ clean
ગંદું dirty

નાનું (કદમાં) small, little
પાકું ripe
મીઠું, મધુર sweet
ટાઢું, ઠંડું cold
સુંદર nice, pretty

1. *Comb* your hair. 2. *Stand* on the bench. 3. *Touch* your eyes. 4 *Dip* your pen in ink. 5. *Buy* two hundred pins. 6. Peon, *ring* the bell. 7. Raman, *wash* your dirty clothes 8. Friend, *please open* the door. 9. *Please bring* that short bench here. 10. Sir, *please teach* this lesson.

૧. ઇશ્વરને ચાહો. ૨. ઘંટ સાંભળો. ૩. રોજ નિશાળે જજો* ૪. ચોકખાં કપડાં પહેરજો. ૫. તમારા દાંત સાફ રાખજો. ૬. ફરીથી બોલો ૭. કૃપા કરીને થોડું દુધ પીઓ. ૮. તમારી ચોપડી ટેબલ ઉપર મુકો. ૯. આ સુંદર ફુલો સુંઘો. ૧૦. મહેરબાની કરીને ધીમેથી વાંચો. ૧૧. આ પાકી કેરી કાપો. ૧૨. જા અને ઠંડુ પાણી લાવ. ૧૩. જલ્દી દોડ અને પટ્ટાવાળાને બોલાવ. ૧૪. ભાઇ (friend). તું અહિં આવ અને આ ચોપડી લે. ૧૫. બાળકો, તમે પ્રમાણિક થજો. ૧૬ આપ આ મધુર ફળ ચાખી જુઓ (ચાખો). ૧૭. સાહેબ, મને નવો પાઠ શીખવો. ૧૮. છોકરાઓ, તમે આ લાંબી શેત્રંજી ઉપર બેસજો. ૧૯. તમે રોટી અને દુધ ખાજો. ૨૦. ભાનુ, આ નાની સ્લેટ તું લેજે.

---

*જ્યાં જવું હોય તે સ્થળને *to* લગાડવામાં આવે છે, જેમકે તે નિશાળે જાય છે He goes to school.

પાઠ ૧૫.

આજ્ઞાર્થ (નકારવાચક)

Do not drink this water.
Don't drink this water.

આ પાણી ના પીવો, આ પાણી પીતા નહિ, આ પાણી પીશો નહિ, આ પાણી પીશો મા, આ પાણી પીવું નહિ.

Please do not drink this water.

કૃપા કરીને આ પાણી ના પીવો–પીતા નહિ–પીશો મા વિ.

આજ્ઞાર્થમાં નકાર દેખાડવો હોય ત્યારે ગુજરાતીમાં **ના, નહિ, મા,** વગેરે શબ્દો વપરાય છે, તેને બદલે અંગ્રેજીમાં ક્રિયાપદની પહેલાં **do not** અથવા તેનું ટુંકું રૂપ **don't** વાપરવામાં આવે છે, જેમકે અહિં બેસતા નહિ Do not sit here. બ્હાર જશો મા Don't go out. આ પાણી ના પીતા Do not drink this water.

સામાન્ય રીતે વાત કરવામાં **don't** વપરાય છે અને લખવામાં **do not** વપરાય છે.

વિનંતિ દેખાડવી હોય ત્યારે **do not** ની પહેલાં **please** મુકવામાં આવે **છે**, જેમકે કૃપા કરીને મોટેથી બોલશો નહિ Please do not speak loudly.

ઉપલાં ઉદાહરણો ઉપરથી સમજી શકાશે કે ગુજરાતીમાં આજ્ઞાર્થ જુદી જુદી અનેક રીતે દેખાડી શકાય છે, પરંતુ અંગ્રેજીમાં **એકજ રીત** છે.

વિશેષણ

ગરીબ, બિચારો poor	અભિમાની proud
લોભી greedy	અદેખો jealous

ક્રિયાપદ

ચોરવું to steal	સંતાડવું છુપાવવું to hide
મારવું to beat	પકડવું, થોભવું to hold
છેતરવું to cheat	મોકલવું to send
ચોળવું, ભુંસી નાખવું to rub	ચીડવવું, સતાવવું to tease
ધિક્કારવું to hate	ત્યજવું, છોડી દેવું to leave

ક્રિયાવિશેષણ

હા yes	આજે to-day
ના no	હમણાં now
કાલે { આવતીકાલે to-morrow	આમ, આ રીતે thus
કાલે { ગઇ કાલે yesterday	

1. Do not *steal*. **2.** Do not *kill* **3.** Do not *be* proud. **4.** Do not *hold* your book thus. **5.** Boy, don't *rub* the black-board. **6.** Abdul, don't *touch* my books. **7.** Please do not *open* the red box. **8.** Friend, please don't *beat* this poor dog. **9.** *Yes, call* those boys. **10.** *No*, *don't call* those boys.

૧. છેતરશો નહિ. ૨. અદેખા થશો મા. ૩. ગંદાં કપડાં ના પહેરો. ૪. મોટેથી ના વાંચો. ૫. આજે ત્યાં જતા નહિ. ૬. છોકરાઓ. લોભી થવું નહિ. ૭. તમારી આંખો ના ચોળો. ૮. તે ગરીબ છોકરાને સતાવો મા. ૯. કૃપા કરીને કાલે અહિં આવશો નહિ. ૧૦. તમારા મિત્રોને ત્યજો નહિ ૧૧. સારા માણસોને ધિક્કારો નહિ ૧૨. તેને હમણાં મોકલતા નહિ. ૧૩ તમે રડતા નહિ. ૧૪. હા, તે ચોપડી લો. ૧૫ ના. તે ચોપડી લેતા નહિ. ૧૬ મહેરબાની કરીને બારણું ઉઘાડશો નહિ. ૧૭. ભાઇઓ, તમે આળસુ થતા નહિ. ૧૮. તું આ ફળ ચાખતો નહિ. ૧૯. મારી ફુટપટ્ટી સંતાડો મા. ૨૦. ના, કાલે ચોપડીઓ લાવશો નહિ.

પાઠ ૧૬.

To have નો વર્તમાનકાળ

I have three pencils.
મારી પાસે ત્રણ પેન્સીલ છે.

I have two hands.
મારે બે હાથ છે.

That man has nice clothes.
તે માણસની પાસે સુંદર કપડાં છે.

That man has four children.
તે માણસને ચાર છોકરાં છે.

The horse has a long tail.
ઘોડાને લાંબું પુંછડું હોય છે.

My house is near the river.
મારૂં ઘર નદી પાસે છે.

To have ને મળતું કોઇ ક્રિયાપદ ગુજરાતી ભાષામાં નથી, પરંતુ **માલીકી** અથવા **કબજો** દેખાડવો હોય ત્યારે ગુજરાતી ભાષામાં "ની પાસે છે," "ને છે," અથવા "ને હોય છે" એમ બોલવાની રીત છે. આવી જગ્યાએ **to have** નો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે That man has nice clothes તે માણસની પાસે સુંદર કપડાં છે. That man has four children તે માણસને ચાર છોકરાં **છે**. The horse has a long tail ઘોડાને લાંબું પુંછડું હોય છે.

To have નાં વર્તમાનકાળનાં રૂપ

એકવચન	બહુવચન
I have મારી પાસે છે, મારે છે.	We have અમારી પાસે છે, અમારે છે, આપણી પાસે છે, આપણે છે.
You have તારી પાસે છે, તારે છે.	You have તમારી પાસે છે, તમારે છે.
He-She-It has તેની પાસે છે, તેને છે.	They have તેઓની પાસે છે, તેઓને છે, તેમની પાસે છે, તેમને છે.
A boy has છોકરાની પાસે છે, છોકરાને છે.	Boys have છોકરાઓની પાસે છે, છોકરાઓને છે.

સૂચના. ૧. "પાસે છે" નો અર્થ કબજે છે અથવા માલીકી છે, એમ ન થતો હોય, પણ **પડખે છે** અથવા **નજીક છે,** એમ થતો હોય ત્યારે to have વપરાતું નથી, પણ નામયોગી **near** અથવા **beside*** નો ઉપયોગ કરવામાં આવે છે, જેમકે મારૂં ઘર નદી પાસે છે My house is near the river.

સૂચના. ૨. તરજુમો કરતી વખતે ધ્યાનમાં રાખવું કે to have વાળાં વાકયોમાં "જેની" પાસે હોય તેને કર્તા બનાવવામાં આવે છે, અને "જે" હોય તેને કર્મ બનાવવામાં આવે છે.

નામ

પશુ a beast	રીંછ a bear
બકરી a goat	વાઘ a tiger
ભેંસ a buffalo	હાથી an elephant
ઉંટ a camel	નહોર a claw

* Beside=પડખે, લગોલગ પાસે.

નામ

બાપ, પિતાશ્રી a father	કાકી, મામી, ફઈ, માસી an aunt
ભાઈ a brother	દાદા a grandfather
બ્હેન a sister	દાદી a grandmother
પુત્ર, દીકરો a son	માબાપ parents
પુત્રી, દીકરી a daughter	પિતરાઈ ભાઈ કે બ્હેન a cousin
કાકો, મામો, ફુવો, માસો an uncle	ઓરડી, ઓરડો a room

1. You *have* a pen and an inkpot. 2. His brother *has* two watches. 3. They *have* nine horses. 4. An elephant *has* big ears. 5. Monkeys *have* long tails. 6. A room *has* a floor, a ceiling and four walls. 7. I *have* parents. 8. My grandmother *has* two brothers. 9. We *have* two hands and two legs. 10. The chair is *near* the table.

૧. પક્ષીને પાંખ હોય છે. ૨. પશુઓને ચાર પગ હોય છે. ૩. ઉંટને લાંબી ગરદન હોય છે. ૪. વાઘને નહોર હોય છે. ૫. મારી બ્હેન પાસે એક સુંદર રમકડું છે. ૬. તે રાજા પાસે આઠ હાથી છે. ૭. તારી પાસે જયન્તની ટોપી છે. ૮. મારા મામાને બે દીકરા છે. ૯. મારા પિતરાઈ ભાઈને પાંચ ઘર છે. ૧૦. તેમનાં ઘર નિશાળ પાસે છે. ૧૧. પેલા શેઠને કાળા વાળ છે. ૧૨. મારી કાકીને ત્યાં (ની પાસે) પંદર ગાય છે. ૧૩. અમારી પિતરાઈ બ્હેન પાસે તમારી ચોપડી છે. ૧૪. ભેંસને ટુંક પગ હોય છે. ૧૫. એમને ચાર દીકરી છે. ૧૬. મારા કાકાના ઘરને બાર ઓરડા છે. ૧૭. આ માણસની પાસે વીસ બકરાં અને ચાર ભેંસ છે. ૧૮. ગાય તથા બળદને શીંગડાં હોય છે. ૧૯. મારા પિતાશ્રીને એક બ્હેન છે, તે મારી ફઈ છે. ૨૦. મારા દાદા વાડી પાસે રહે છે.

પાઠ ૧૭.

"બહુ" અથવા "ઘણું" શબ્દનો તરજુમો

We have many books.
આપણી પાસે ઘણી ચોપડીઓ છે.
The buffalo gives much milk.
ભેંસ ઘણું દુધ આપે છે.
The lion is very strong.
સિંહ ઘણો બળવાન હોય છે.
The deer runs very fast.
હરણ બહુ ઝડપથી દોડે છે.

બહુ અથવા **ઘણું** શબ્દને માટે અંગ્રેજીમાં many, much અને very એ ત્રણ શબ્દો છે, પરંતુ તેમનો ઉપયોગ જુદી જુદી રીતે થાય છે, તેથી તરજુમો કરતી વખતે નીચેના નિયમો ખાસ ધ્યાનમાં રાખવા. બીજા કેટલાક નિયમો તમે હવે પછી શીખશો.

(૧) સંખ્યાવાચક નામ પહેલાં **ઘણું** શબ્દનો તરજુમો **many** કરવો, જેમકે ઘણી ચોપડીઓ many books, ઘણી ખુરશી many chairs.

(૨) જથ્થાવાચક નામ પહેલાં **ઘણું** શબ્દનો તરજુમો **much** કરવો, જેમકે ઘણું દુધ much milk, ઘણું પાણી much water.

(૩) વિશેષણ અથવા ક્રિયાવિશેષણ પહેલાં **ઘણું** શબ્દનો તરજુમો **very** કરવો, જેમકે ઘણો બળવાન very strong, બહુ સારો very good, બહુ ઝડપથી very fast.

વિશેષણ

મોંઘું dear
સોંઘું, સસ્તું cheap
ભારે, વજનદાર heavy
હલકું light
કઠણ, અઘરું hard
પોચું, નરમ soft
પૈસાદાર rich
ઉપયોગી useful

નામ

ધાતુ a metal	લોઢું iron
રૂપું silver	કથીર tin
પોલાદ steel	જસત zinc
ત્રાંબુ copper	એલ્યુમીનમ aluminum
પીતળ brass	રૂ cotton
સીસું lead	ઉન wool

1. I see ***many*** fruits on the tree. **2.** This poor man has *many* children. **3.** ***Many*** people eat thrice. **4.** The camel drinks ***much*** water. **5.** This king has *much* gold and silver. **6.** England (ઈંગ્લાંડ) buys *much* cotton. **7.** My uncle is *very* rich. **8.** Steel is *very* hard and wool is *very* soft. **9.** Please do not speak *very* loudly. **10.** Copper is brown and brass is yellow.

૧. તેની પાસે ઘણી પેન્સીલ છે. ૨ ઘણા છોકરાઓ પ્રમાણિક હોય છે. ૩. અમારે ઘણા મિત્રો છે. ૪. રીંછને બહુ વાળ હોય છે. ૫. બહુ ચા પીવો નહિ. ૬. તેમની પાસે ઘણું રૂ છે. ૭. આ પાઠ ઘણો અઘરો છે. ૮. સોનું તથા રૂપું બહુ મોંઘું હોય છે. ૯. લોઢું તથા જસત ઘણું સસ્તું હોય છે. ૧૦. તમારી બહેન બહુ ધીમેથી વાંચે છે. ૧૧ આ ઘેટાંને ઘણું ઉન છે. ૧૨. તમારાં માબાપ બહુ ભલાં છે. ૧૩. તમારે ત્યાં ઘણી ગાયો છે. ૧૪. આ બાળક ઘણું દુધ પીવે છે. ૧૫. હું આકાશમાં ઘણાં વાદળાં જોઉં છું. ૧૬. એલ્યુમીનમ ઘણી ઉપયોગી ધાતુ છે. ૧૭. ખડીયામાં બહુ શાહી ભરો નહિ. ૧૮. આ ઘરને ઘણી સુંદર બારીઓ છે. ૧૯. સીસું ઘણું ભારે હોય છે અને કથીર ઘણું હલકું હોય છે. ૨૦. તમે બહુ ઉતાવળે દોડતા નહિ.

પાઠ ૧૮.

ક્રિયાપદ (સાદો ભવિષ્યકાળ)

એકવચન	બહુવચન
I shall read	**We shall read**
હું વાંચીશ.	અમે-આપણે વાંચશું.
You will read	**You will read**
તું વાંચીશ.	તમે વાંચશો.
He will read	**They will read**
તે વાંચશે.	તેઓ વાચશે.
A boy will read	**Boys will read**
છોકરો વાંચશે.	છોકરા વાંચશે.

ગુજરાતીમાં સાદો ભવિષ્યકાળ ક્રિયાપદના ધાતુને **શ, શે, શું, શો,** વગેરે પ્રત્યયો લગાડીને કરવામાં આવે છે, જેમકે વાંચ-વાંચીશ, વાંચશું, વાંચશે, વાંચશો; ખા-ખાઇશ, ખાશે, ખાશો, ખાઇશું.

અંગ્રેજીમાં ભવિષ્યકાળમાં પ્રત્યય લગાડવામાં આવતા નથી, પણ ધાતુની પહેલાં સ્હાયકારક ક્રિયાપદ **shall** અથવા **will** મુકવામાં આવે છે જેમકે

હું મારા પાઠ વાંચીશ. I shall read my lessons.
તમે બહુ જોરાવર થશો. You will be very strong.
પટાવાળો ઘંટ વગાડશે. The peon will ring the bell.

સૂચના:—સામાન્ય રીતે પહેલા પુરૂષમાં shall, અને બીજા તથા ત્રીજા પુરૂષમાં will વાપરવો. Shall અને Will ના ઉપયોગમાં શું તફાવત છે તે તમે આગળ શીખશો.

ક્રિયાપદ

રહેવું to live	ખેડવું to plow
થવું to become	શીવવું to sew
બચાવવું to save	વાળવું (કચરો કાઢવો) to sweep

નામ

દાક્તર, વૈદ્ય a doctor	દરજી a tailor
વકીલ a lawyer	વાળંદ, હજામ a barber
વેપારી a merchant	કારકુન, મુનીમ a clerk
આડતીયો an agent	નોકર a servant
વિદ્યાર્થી a student	ઓફીસ an office
ખેડુત a farmer	દુકાન a shop
સુતાર a carpenter	પત્ર, કાગળ a letter

1. I *shall live* in this house. **2.** Students *will go* to school. **3.** He *will be* a rich man. **4.** The barber *will cut* the hair. **5.** We *shall keep* our books clean. **6.** He *will go* to the lawyer's office. **7.** These flowers *will become* red *tomorrow.* **8.** You *will see* the book on the table. **9.** They *will wear* clean clothes. **10.** The merchant *will call* his agent here.

૧. હું રોજ નિશાળે જઈશ. ૨ અમે ઇશ્વરને ચાહીશું. ૩ તું બળવાન માણસ થઈશ. ૪. તે સારી ચોપડીઓ વાંચશે. ૫. ખેડુત ખેતર ખેડશે. ૬. સુતાર પેટી બનાવશે. ૭. દરજી કપડાં શીવશે. ૮. નિશાળ કાલે ઉઘડશે. ૯. તેઓ ભલા અને પ્રમાણિક થશે. ૧૦. આપણે અહિં ફરીથી આવીશું. ૧૧. નોકર ઓરડો વાળશે. ૧૨. વિદ્યાર્થીઓ બાંકડા ઉપર બેસશે ૧૩. શિક્ષક પાટીયા ઉપર લખશે. ૧૪. હું ઝાડ નીચે ઉભો રહીશ. ૧૫. તે આજે દરજીની દુકાને જશે. ૧૬. કારકુન કાગળો કાલે લખશે. ૧૭. દાક્તર આ ડોશીને બચાવશે. ૧૮. આ વેપારીઓ ઘણું ઘઉં ખરીદશે. ૧૯. અમે ગરીબ લોકો ઉપર દયા રાખશું. ૨૦. તમે એ બાળકને પારણામાં જોશો.

પાઠ ૧૯.

ક્રિયાપદ (સાદો ભૂતકાળ)

She washed the clothes તેણે કપડાં ધોયાં.
I lived in this house હું આ ઘરમાં રહેતો.
Vina rubbed her eyes વીણાએ તેની આંખો ચોળી.
The baby cried બાળક રડ્યું.
He played cricket yesterday તે કાલે ક્રિકેટ રમ્યો.

ગુજરાતીમાં ભૂતકાળનાં રૂપ કરવા માટે ક્રિયાપદના ધાતુને **યો, ઈ, યું**, વગેરે પ્રત્યય લગાડવામાં આવે છે જેમકે ચાલ-ચાલ્યો, ચાલી, ચાલ્યું, ચાલ્યા, ચાલ્યાં; રમ-રમ્યો, રમી, રમ્યું, રમ્યા, રમ્યાં.

અંગ્રેજીમાં ભૂતકાળનાં રૂપ કરવા માટે ધાતુને **ed** પ્રત્યય લગાડવામાં આવે છે. જેમકે મેં ધોયું I washed, તે ચાલી she walked.

ચાલવું to walk ધાતુનાં ભૂતકાળનાં રૂપ

એકવચન	**બહુવચન**
I walked હું ચાલ્યો.	We walked અમે-આપણે ચાલ્યા.
You walked તું ચાલ્યો.	You walked તમે ચાલ્યા.
He walked તે ચાલ્યો.	They walked તેઓ ચાલ્યા.
A boy walked છોકરો ચાલ્યો.	Boys walked છોકરા ચાલ્યા.

સૂચના:—ગુજરાતીમાં ભૂતકાળનાં રૂપમાં જાતિ તથા વચન પ્રમાણે જુદા જુદા પ્રત્યય લાગે છે, પણ અંગ્રેજીમાં **એકજ રૂપ** થાય છે, જેમકે હું ચાલ્યો I walked, હું ચાલી I walked, તે ચાલી she walked, તે ચાલ્યું it walked, અમે ચાલ્યા we walked, તેઓ ચાલ્યાં they walked.

ભૂતકાળનો **ed** પ્રત્યય લગાડતી વખતે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

(૧) ધાતુને છેડે **e** હોય તો **ed** પ્રત્યયનો **e** ઉડી જાય છે, જેમકે હું રહ્યો I live-d, તે ચાહતી she love-d, તમે ચાખ્યું you taste-d.*

(૨) ધાતુને છેડે **એકજ** વ્યંજન હોય અને તે વ્યંજનની પહેલાં **એકજ** સ્વર હોય, તો વ્યંજનને બેવડાવવામાં આવે છે, જેમકે તેમણે ભુંસી નાખ્યું they rubbed, તમે બોળ્યાં you dipped.

અપવાદ: શબ્દને છેડે **x** કે **w** આવે ત્યારે આ નિયમ લાગુ પડતો નથી, જેમકે ચીડવ્યા vex-ed, શીવ્યું sew-ed. અપવાદના બીજા નિયમો તમે હવે પછી શીખશો.

(૩) ધાતુને છેડે **y** હોય અને **y** ની પહેલાં વ્યંજન હોય તો **y** નો **i** કરીને **ed** પ્રત્યય લગાડવામાં આવે છે, જેમકે બાળક રડ્યું the baby cried.

પણ જો **y** ની પહેલાં સ્વર હોય તો **y** નો **i** થતો નથી. જેમકે તે રમ્યો he play-ed.

---

* ભૂતકાળના ed પ્રત્યયનો ઉચ્ચાર "ડ" કરવામાં આવે છે. જેમકે walk-ed વોકડ, love-d લવ્ડ; પણ જો ધાતુને છેડે "ટ" અથવા "ડ" ઉચ્ચાર આવતો હોય, તો તેને ed લાગે ત્યારે "ટેડ" અથવા "ડેડ" ઉચ્ચાર થાય છે. જેમકે taste-d ટેસ્ટેડ, cheat-ed ચીટેડ, add-ed ઍડેડ (ઉમેર્યું)

ક્રિયાપદ		નામ	
લુંટવું	to rob	ચિતારો	a painter
વાપરવું	to use	ધોબી	a washerman
ભેળવવું	to mix	ડગલો, કોટ	a coat
ભડકવું	to shy	ખમીશ	a shirt
શીખવું	to learn	ધોતીયું	a dhoter
રંગવું	to paint	મોજું	a sock
ગુંથવું	to knit	પાઘડી	a turban
મરવું, મરીજવું	to die	રૂમાલ	a handkerchief
સુકાવું, સુકવવું	to dry	જોડો	a shoe
અટકવું, અટકાવવું	to stop	પાટલુન	pants (બહુવચન)

1. You *jumped* ten feet. **2.** Jaya *combed* her hair. **3.** We *walked* very fast. **4.** This boy *touched* your turban. **5.** Madhav *loved* his parents. **6.** They *hated* the idle boy. **7.** Cows *grazed* in the field. **8.** I *dipped* my pen in ink. **9.** He *dried* his shirt on the roof. **10.** She *knitted* my handkerchief *yesterday*.

૧ ઘોડો ભડક્યો. ૨. ઘડીયાળ અટકી. ૩. મેં કેરી ચાખી. ૪. ચિતારે દિવાલ રંગી. ૫. અમે તમારો રૂમાલ વાપર્યો. ૬. તેણે વેપારીઓને લુંટયા ૭. ઈશ્વરે અમને બચાવ્યા. ૮. તમે ચા અને દૂધ ભેળવ્યાં. ૯. ઉર્મિલાએ મોજાં ગુંથ્યાં. ૧૦. તે ગરીબ ડોશી કાલે મરી ગઈ. ૧૧. આત્મારામ બાર પાઠ શીખ્યો. ૧૨. તેઓએ નોકરને અટકાવ્યો. ૧૩ નદી સુકાઈ. ૧૪. તમે મારા પિતરાઈ ભાઈને ચીડવ્યા. ૧૫. બાળકો આ વાડીમાં રમતાં. ૧૬. આ વેપારીએ તેમને છેતર્યાં. ૧૭. તેણે જોડા પાણીમાં બોળ્યા. ૧૮ દરજીએ ઘણા ડગલા તથા પાટલુન શીવ્યાં. ૧૯. દમયંતી બહુ મોડેથી રડી. ૨૦. ધોબીએ મારૂં ધોતીયું તથા ખમીશ ધોયાં.

પાઠ ૨૦.

To be તથા To have નો ભૂતકાળ

He was an honest man.
તે પ્રમાણિક માણસ હતો.
His clothes were clean.
તેનાં કપડાં સ્વચ્છ હતાં.
Sandow had a very strong chest.
સેન્ડોને (સેન્ડોની) ઘણી મજબુત છાતી હતી.
These children had many toys.
આ બાળકો પાસે ઘણાં રમકડાં હતાં.

વર્તમાનકાળની જેમ ભૂતકાળમાં પણ to be અને to have નાં રૂપ અનિયમિત રીતે થાય છે. તે ઘણાં ઉપયોગી હોવાથી ખાસ યાદ રાખવાં.

to be નાં ભૂતકાળનાં રૂપ

	એકવચન	બહુવચન
૧લો પુ.	I was હું હતો.	We were અમે–આપણે હતા.
૨જો પુ.	You were તું હતો.	You were તમે હતા.
૩જો પુ.	He was તે હતો. She was તે હતી It was તે હતું.	They were તેઓ હતા.
	A boy was છોકરો હતો.	Boys were છોકરાઓ હતા.

ની પાસે હતું, ને હતું, નું હતું, વગેરે કબજો અથવા માલીકી દેખાડનારૂં ક્રિયાપદ હોય ત્યારે ભૂતકાળનું રૂપ **had** વપરાય છે. દરેક પુરૂષ તથા વચનમાં **એકજ રૂપ** થાય છે.

to have નાં ભુતકાળનાં રૂપ

એકવચન	બહુવચન
I had મારી પાસે હતું, મારે હતું	We had અમારી પાસે હતું, અમારે હતું. આપણી પાસ હતું, આપણે હતું.
You had તારી પાસે હતું, તારે હતું.	You had તમારી પાસે હતું, તમારે હતું.
He-She-It had તેની પાસે હતું, તેને હતું.	They had તેઓની પાસે હતું, તેઓને હતું. તેમની પાસે હતું, તેમને હતું.
A boy had છોકરાની પાસે હતું, છોકરાને હતું.	Boys had છોકરાઓની પાસે હતું, છોકરાઓને હતું.

નામ

નામ a name	સવાલ, પ્રશ્ન a question
ચીજ, વસ્તુ a thing	જવાબ an answer
રબર a rubber	ભેજું, મગજ a brain
દાખલો, હિસાબ a sum	હૃદય a heart
પુરૂષ a person	બાજુ a side

વિશેષણ

મોટો, મહાન great	જમણો right
બહાદુર brave	ડાબો left
હાજર present	ખરા right, correct
ગેરહાજર absent	ખોટા wrong
માંદો sick	જબ્બર, શક્તિવાન powerful

1. I *was* a merchant. 2. The questions *were* easy. 3. You *were* absent yesterday. 4. Our teacher *had* many books. 5. I *had* four brothers. 6. Tilak *had* a lion's heart. 7. His garden *was* on the left side. 8. You *had* fifteen handkerchiefs. 9. Akbar and Shivaji *were* great persons. 10. She had pretty clothes.

૧. અમે વર્ગમાં હાજર હતા ૨. પ્રતાપ ઘણો બહાદુર રાજા હતો. ૩. તમે મારા મિત્ર હતા. ૪. એની પાસે રબ્બર અને પેન્સીલ હતાં. ૫. ન્યુટનનું (Neuton) જબ્બર મગજ હતું. ૬. તમારે ત્રણ ઘર હતાં. ૭. મોતીલાલના દાખલા ખોટા હતા. ૮. તમારા જવાબ ખરા હતા. ૯. તારી પાસે બાર પેન્સીલ હતી. ૧૦. અમારી પાસે ઘણી ઉપયોગી ચીજો હતી. ૧૧. દાદાભાઈ મહાન નર (man) હતા. ૧૨. તેમને બે પુત્રો અને એક પુત્રી હતાં. ૧૩. તું કાલે માંદો હતો. ૧૪. મારી પાસે રૂપાનાં પાંચ બટન હતાં. ૧૫. તેનું નામ લલિતા હતું. ૧૬. તેઓ ગરીબ માણસો હતા. ૧૭. તેનો જમણો હાથ બહુ મજબુત હતો. ૧૮. ખેડુતને ત્યાં ઘણી ગાયો તથા ભેંસો હતી. ૧૯. તે ભલી રાણી હતી. ૨૦. તે છોડીઓ પાસે ઘણાં સુંદર ફૂલ હતાં.

પાઠ ૨૧.

અનિયમિત ભૂતકાળ (ભાગ ૧.)

He goes to Bombay.
તે મુંબઈ જાય છે.
He went to Bombay.
તે મુંબઇ ગયો.

ગુજરાતીમાં યો, યા, યું, વગેરે પ્રત્યયો લગાડીને ભૂતકાળનાં રૂપ કરવામાં આવે છે, પણ થોડાંક ક્રિયાપદ એવાં છે કે જેનાં ભૂતકાળનાં રૂપ અનિયમિત રીતે થાય છે. દાખલા તરિકે જવું–**ગયો,** ખાવું–**ખાધી,** દેવું–**દીધું,** બેસવું–**બેઠા.** સૂવું–**સુતાં.**

"અંગ્રેજીમાં કોઈ ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ બનાવવું હોય તો તેને **ed** પ્રત્યય લગાડવામાં આવે છે," તે નિયમ તમે **૧૯** મા પાઠમાં શીખ્યા. અંગ્રેજી ભાષામાં ૪૦૦૦ **થી** વધારે ક્રિયાપદ છે, તેમાંથી ઘણાખરાંનાં ભૂતકાળનાં રૂપ આ નિયમ પ્રમાણે થાય છે. અને તેથી તેમને **નિયમિત ક્રિયાપદ** કહેવામાં આવે છે.

પણ લગભગ ૨૦૦ ક્રિયાપદ એવાં છે કે જેનાં ભૂતકાળનાં રૂપ આ નિયમ પ્રમાણે નહિ, પણ જુદી રીતે થાય છે. તેમને માટે કોઈ નિયમ નથી, તેથી તેમને **અનિયમિત ક્રિયાપદ** કહેવામાં આવે છે. જેમકે

સામાન્ય રૂપ	**ભૂતકાળનું રૂપ**
જવું to go	ગયો went
આવવું to come	આવ્યા came

તમે શીખેલાં ક્રિયાપદોમાંથી જેનાં જેનાં ભૂતકાળનાં રૂપ અનિયમિત રીતે થાય છે, તે બધાં આ પાઠમાં આપવામાં આવ્યાં છે.

સામાન્યરૂપ	ભૂતકાળ	સામાન્યરૂપ	ભૂતકાળ
to cut	cut	to teach	taught
to put	put	to catch	caught
to read	read (રેડ)	to know	knew
to beat	beat (બેટ)	to throw	threw
to sing	sang	to fly	flew
to ring	rang	to make	made
to drink	drank	to eat	ate
to come	came	to run	ran
to become	became	to take	took
to write	wrote	to go	went
to shine	shone	to leave	left
to speak	spoke		

નામ

ચોખા	rice	અંગ્રેજી (ભાષા)	English
કૉફી	coffee	ગુજરાતી (ભાષા)	Gujarati
મીઠું	salt	ગણિત	arithmetic
દહીં	curd, curds	ઇતિહાસ	history
માખણ	butter	ભૂગોળ	geography
ઘી	ghee	માઇલ	a mile
છાશ	buttermilk	તારો	a star
કઢી	curry	ગામડું	a village
રોટલી, પુરી	a cake	શહેર*	a city, a town
હવા	air	દેશ	a country

1. They *went* to the city. **2.** This student *sang* loudly. **3.** Stars *shone* in the sky. **4.** He *made* ghee from butter. **5.** Akbar *walked* many

* બહુ મોટું શહેર a city, નાનું શહેર a town.

miles. 6. You *ate* rice and curry. 7. She *put* salt in curds. 8. Gandhi *became* a great man. 9. He *read* history and geography. 10. The teacher *taught* English.

૧. તે કાલે આવી. ૨. તમે ગણિત શીખ્યા. ૩. નંદલાલે ઘંટ વગાડયો. ૪. તેણે પાંચ પુરી ખાધી. ૫. ભાનુએ કુતરાને માર્યો. ૬. ફૉર્ડ ઘણો પૈસાદાર થયો. ૭. તે આકાશમાં ઉડયું. ૮. શિક્ષક અંગ્રેજીમાં બોલ્યા. ૯. બેહરામે દડો ઝીલ્યો ૧૦. તે શહેરમાં રહેતી. ૧૧. મારો ભાઇ એ માઇલ દોડયો. ૧૨. હજામે મારા નખ કાપ્યા. ૧૩. અમે તમારૂં નામ કાલે જાણ્યું. ૧૪. તેણે કોફી પીધી અને અમે છાસ પીધી, ૧૫. તે તેના દેશની ચીજો વાપરતો. ૧૬. મેં ગુજરાતીમાં પત્ર લખ્યો. ૧૭. ગોવિંદે હવામાં દડો ફેંકયો. ૧૮. આ ગરીબ બાઇએ તેનું ગામ છોડી દીધું. ૧૯. વિનાયકે ટેબલ ઉપરથી પાઘડી લીધી. ૨૦. સાવિત્રીએ તેની સ્લેટ ભોંય ઉપર મુકી.

અનિયમિત ભૂતકાળ (ભાગ ૨.)

સામાન્યરૂપ	ભુતકાળ	સામાન્યરૂપ	ભુતકાળ
to sit	sat	to wear	wore
to give	gave	to steal	stole
to bring	brought	to see	saw
to buy	bought	to fall	fell
to keep	kept	to sell	sold
to weep	wept	to stand	stood
to sleep	slept	to hear	heard
to sweep	swept	to hide	hid
to smell	smelt	to hold	held
to send	sent	to swim	swam

નામ

નારંગી	an orange	જામફળ, પેરૂ	a guava, a pear
દ્રાક્ષ (લીલી)	a grape	બોર	a jujube
સફરજન	an apple	તરબુચ	a water-melon
પપૈયું	a papaya	બદામ	an almond
અંજીર	a fig	ખજુર	a date
કેળું	a banana, a plantain	આલુ	a plum
નાળીએર	a cocoanut	અખરોડ	a walnut
લીંબુ	a lime	દાક્ષ (સુકી)	a raisin
દાડમ	a pome-granate	બજાર	a market
સીતાફળ	a custard-apple	મધ	honey

1. Cocoanuts *fell* from the tree. 2. I *mixed* tea and milk. 3. Rama *tasted* honey, 4. He *gave* me three apples. 5. This boy *stole* some jujubes. 6. You *ate* walnuts and raisins. 7. She *brought* many figs. 8. They *sat* on the floor 9. We *bought* grapes and oranges 10 This merchant *sold* papayas and watermelons

૧. મેં ઘંટ સાંભળ્યો. ૨. ઇશ્વરે તેમને બચાવ્યા. ૩. તે શેત્રંજી ઉપર બેઠી. ૪. નોકરે ઓશીસ વાળી. ૫. તેમણે ફુલો સુંધ્યાં. ૬. તે બહુ મોટેથી રડી. ૭. આપણે નદીમાં તરતા. ૮. રસુલે કાલે નવો ડગલો પહેર્યો. ૯. તમે લીંબુ કાપ્યું. ૧૦. છોકરાએ બે જામફળ સંતાડયાં. ૧૧. લક્ષ્મણ બાંકડા ઉપર ઉભો રહ્યો. ૧૨. તેણે સીતાફળ ખાધું. ૧૩. બલવંત કાલે ઘણી બદામ લાવ્યો. ૧૪. તે પારણામાં સુતું. ૧૫. અમારા મામાએ ખજુર તથા આલુ મોકલ્યાં. ૧૬. પુષ્પા તેનાં કપડાં સ્વચ્છ રાખતી. ૧૭. અમે બજારમાં ઘણાં કેળાં જોયાં. ૧૮. તે સુંદર ફૂલો વેચતી. ૧૯. પ્રવીણે પચીસ દાડમ વેચાતાં લીધાં. ૨૦. ચંદ્રાએ તેના ડાબા હાથમાં ચોપડી પકડી.

પાઠ ૨૨.

પુનરાવર્તન

(૧) પાઠ ૬, ૭, ૮, તથા ૯ માનાં વાકયોમાં ક્રિયાપદને ભવિષ્યકાળમાં ફેરવીને પછી તે વાકયોનું અંગ્રેજી કરો.

(૨) પાઠ ૬, ૭, ૮, તથા ૯ માનાં વાકયોમાં ક્રિયાપદને ભૂતકાળમાં ફેરવીને પછી તે વાકયોનું અંગ્રેજી કરો.

કેટલાંક ઉપયોગી નામ

વાર, દિવસ a day	બુધવાર Wednesday
રવિવાર Sunday	ગુરૂવાર Thursday
સોમવાર Monday	શુક્રવાર Friday
મંગળવાર Tuesday	શનિવાર Saturday
જાન્યુઆરી January	જુલાઇ July
ફેબ્રુઆરી February	ઑગસ્ટ August
માર્ચ March	સપ્ટેમ્બર September
એપ્રીલ April	ઑકટોબર October
મે May	નવેમ્બર November
જુન June	ડીસેમ્બર December
તારીખ a date	મહીનો a month
અઠવાડીયું a week	વર્ષ a year

સેગ્વિનનાં ત્રણ પદ

મૂઢ (idiot) વિદ્યાર્થીઓને શીખવવાના પ્રયોગોમાં ? મૉન્ટીસોરીનાં પ્રેરક પ્રખ્યાત કેળવણીકાર ડૉ. સેગ્વિને જોયું સ્વાભાવિક રીતે બાળ માનસ ત્રણ પદથી ભાષા શિક્ષણ ગ્રહણ કરે

ધારો કે બાળકને **નારંગી, જામફળ** અને **સીતાફળ** નામ શીખવવાનાં છે, તો તે શીખવવાની રીત નીચે પ્રમાણે છે.

૧લું પદ. હાથમાં નારંગી, જામફળ અને સીતાફળને વારા ફરતી લ શિક્ષક કહે, "આ નારંગી." "આ જામફળ." " સીતાફળ." (જરૂર લાગે તેટલીવાર આ પ્રમાણે ફે ફેરવીને કહે).

૨જું પદ. પછી શિક્ષક પુછે, "નારંગી કયું ?" "જામફળ કયું ?" "સીતાફળ કયું ?"

૩જું પદ. પછી શિક્ષક એક એક ફળ લઇને પુછે, "આનું નામ શું ?" "આનું નામ શું ?" વગેરે.

બીજા પદનો બરાબર ઉત્તર આપી શકે પછી જ બાળકને ત્રીજા પદમાં લઇ જવું જોઇએ. બીજું પદ છોડી તુરત જો શિક્ષક પુછવા માંડે કે આનું નામ શું —આનું નામ શું— તો ઘણા બાળકો તેનો જવાબ નહિ આપી શકે. ફક્ત તીવ્ર બુદ્ધિવાળા બાળકો જેઓ બીજા પદમાંથી જલ્દી પસાર થવાની શક્તિ ધરાવતા હે તેઓ જ સાચો જવાબ આપી શકશે.

ઘણીવાર આપણને ઘરમાં અનુભવ થાય છે કે બાળકને ખુરશ અથવા છત્રી બતાવીને પુછીએ કે "આ શું ?" તો તે તેનો ઉત્ત આપી શકતું નથી પણ "ખુરશી બતાવ" "છત્રી બતાવ" એમ કહીએ તો તે તેને બતાવી શકે છે. જ્યારે બાળકો આ સ્થિતિમાં હોય છે, ત્યારે તેઓ તે શબ્દોના નામ-શિક્ષણમાં બીજા પદમાં હોય છે

સેગ્વિનના આ અનુભવનો આપણે અનેક રીતે ઉપયોગ કરીને શીખવવામાં સરલતા દાખલ કરી શકીએ.